
મુક્તિ માર્ગના
નાના-મોટા સહુ સાધકોના જીવનમાં
પ્રકાશ પાથરતું
મુક્તિકૃપા
વર્ષ ૩૨
અંક ૪
ઓગષ્ટ ૨૦૨૪

# મુક્તિ કૃપા

સળંગ અંક ૧૨૮

વર્ષ ૩૨ અંક ૪

**દિવ્ય કૃપા :**
સ્વ. પ.પૂ. અચલગચ્છાધિપતિ આ.દે.
શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. તથા
નવકારમંત્રના આરાધક બા.બ્ર.પ.પૂ.સા.



શ્રી મુક્તિશ્રીજી મ.સા.

**શુભાશિષ :**
વર્તમાન અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન
પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**પ્રેરણા – માર્ગદર્શન :**



પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.

**પ્રકાશક :**
શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ-હુબલી

**મેનેજીંગ ટ્રસ્ટી :**
શ્રી પ્રજેશભાઇ વિરચંદભાઇ નારાણજી



સંસ્થાપક :
સ્વ. વિરચંદભાઇ નારાણજી કાનજી

**આદ્ય સંપાદિકા :**
સ્વ. ઈન્દિરાબેન જયંતીલાલ વિકમશી
B.com(Hons.) FGA (Lon) F.F.I.S.E.M.

**માનદ્ સંપાદિકા :**
શિલ્પાબેન અજાણી
(B.com, D.G., F.G.A. (Lon), F.F.I.G.)

## વિષયાનુક્રમ

૧. અર્હતની આંગળીયે...શિલ્પાબેન અજાણી...૦૧
૨. શોધી લે જીવનનો સાર....................૦૫
૩. ક્રોધ વિજેતા................................૦૯
૪. વૈરાગ્ય શતક..............................૧૭
૫. જયલક્ષ્મી બાગ............................૨૨
૬. કોટિ નિવાસ...............................૨૬
૭. CHILDREN'S CORNER..............૨૭
૬. જ્ઞાન સુધારસ પીજે.......................૩૦
૮. ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા.....................૩૩



**પ્રેરણા – માર્ગદર્શન**
ખાનદેશરત્ના પ.પૂ. ડો. સાધ્વી
શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.
સંકલન –
સા. શ્રી હિમાંશુશ્રીજી મ.સા.

## અગત્યની સુચના :
## સહુ વાંચકો માટે : સહુ લેખકો માટે

જય જિનેન્દ્ર સહ સહુ વાંચકોને જણાવવાનું કે તમને તમારી કોઇ પણ કૃતિઓ ''મુક્તિ કૃપા''માં છપાવવી હોય તો તે કૃતિઓ સીધી પ્રેસ ઉપર મોકલવી નહીં. પ્રેસ ઉપર મોકલવામાં આવતી કોઇ કૃતિનો સમાવેશ મુક્તિ-કૃપામાં કરવામાં આવશે નહીં. તમારે તમારી કૃતિઓ ''મુક્તિ-કૃપા'' ના હુબલી સ્થિત મુખ્ય કાર્યાલયમાં નીચેના સરનામે મોકલવાની રહેશે. તમારી કૃતિઓ યોગ્ય લાગશે તો જ ''મુક્તિ-કૃપા''માં છાપવામાં આવશે. ન છપાયેલ કૃતિઓ પાછી મોકલવામાં આવશે નહીં.

લિ. શ્રી શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ
2ND FLOOR, BUILDING NO 2,
ENKAY COMPLEX, KESHWAPUR,
**HUBBALLI - 5800 23.**
(KARNATAKA STATE) Mo. 9448350125

# શ્રુત રત્ન

૧. નરશી જેઠાભાઇ દંડ વરાડીયા- મલકાપુર
૨. વીરચંદ નારાણજી કાનજી નલીયા-હુબલી
૩. સ્વ. માતાજી નેણબાઇ ઉંમરશી માલશીના સ્મરણાર્થે હઃ રવિન્દ્ર નરશી લોડાયા નલીયા
૪. ગોવિંદજી લખમશી લોડાયા સુથરી
૫. ટોકરશી દામજી ઘરમશી જસાપર
૬. શ્રી પારોલા ક.દ.ઓ. જૈન મહાજન પારોલા
૭. સોમચંદ ભાણજી લાલકા વારાપધર
૮. ચાંપશી માણેકજી લોડાયા સાંઘવ
૯. ચીમનલાલ નરશી પાસુભાઇ છેડા હ : પુષ્પાબાઇ ચીમનલાલ છેડા કોડાય
૧૦. મનોહર ટી. છાબરીયા મુલુંડ
૧૧. કેકીન દીનેશ દંડ મુલુંડ
૧૨. માણેકજી કુંવરજી નાગડાના સ્મરણાર્થે હ : પ્રતાપ માણેકજી શાહ હુબલી
૧૩. ઉમરશી માલશી લોડાયાના સ્મરણાર્થે હઃ શા પ્રફુલ નરશી લોડાયા નલીયા
૧૪. ઝવેરચંદ ખીમજી મોમાયા કુમરા
૧૫. લક્ષ્મીચંદ કેશવજી માંડણ વારાપધર
૧૬. માતુશ્રી નવલબાઇ નરશી સોની સુથરી
૧૭. હેમલતાબેન વસંતકુમાર વિકમશી દાદર
૧૮. શાહ ગોવીંદજી શીવજી લોડાયા પરિવાર ઘાટકોપર
૧૯. શ્રીમતી જ્યોતિ ચિમનલાલ ખોના સાયન
૨૦. સ્વ. માણેકજી નરશી લોડાયા (ઉર્ફે બાબુભાઇ શેઠ ગુંદરવાળા) ધનલક્ષ્મીબેન ધનરાજ કુરવા હાલ કેનેડા
૨૧. શ્રી સહસ્ત્રફણા પાર્શ્વનાથ જૈન મંદિર અને શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન શ્વે. સંઘ માટુંગા
૨૨. શ્રીમતી રમીલાબેન મણીલાલ ભટારા (મોમાયા) નલિયા-ઘાટકોપર
૨૩. શ્રી બાબુભાઇ એમ. છેડા માટુંગા-મુંબઇ
૨૪. શ્રી દેવલાલી જૈન શ્વેતામ્બર તીર્થ ટ્રસ્ટ દેવલાલી (કેમ્પ)
૨૫. શ્રીમતી વાસંતીબેન નરેન્દ્ર શાહ દેવલાલી
૨૬. શ્રીમતી ઇંદીરાબેન જયંતિલાલ વીકમશી મુંબઇ
૨૭. પ.પૂ.સા. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના સ્મૃતિ અર્થે શ્રી કચ્છી હીતવર્ધક ગૃહ ઉદ્યોગ કેન્દ્ર હુબલી
૨૮. બેન નવલબાઇ હંસરાજ લોડાયા હઃ જયાબાઇ ગુલાબચંદ ડાઘા પારોલા
૨૯. બાઇ લક્ષ્મીબાઇ દામજી પોલડીયા ફૈજપુર
૩૦. ચિ. દલેશભાઇ તથા નિલમબેનના વર્ષીતપ અનુમોદનાર્થે શ્રીમતી જયાબાઇ ઝવેરચંદ મોમાયા સાહેરા ચાલીસગાંવ
૩૧. ચિ. પલ્લવી વીરચંદ શાહ હઃ સૌ. વિમલા (કસ્તુરી) વીરચંદ શિયાળ નાંદેડ
૩૨. શ્રીમતી મધુરીબાઇ નવીનચંદ સોનાવાલા બેંગલોર
૩૩. શ્રીમતી ગુણવંતીબેન રતિલાલ શાહ બુ-હાનપુર
૩૪. માતુશ્રી દેવકુંવરબેન મેઘજી વેલજી ઘરમશી હઃ ડો. ઉર્વશી, પ્રિયવંદા, તક્ષશિલા અને વિધાતા –ગોરખડી
૩૫. માતુશ્રી માનબાઇ માલશી કલ્યાણજી મોતા – કુવાપધર હાલ કલકત્તા હસ્તે કવિ પ્રેમચંદ મોતા
૩૬. શ્રી હીરાચંદ અરજણ પટેલ – બાંઢીયા – ઐરોલી
૩૭. શ્રીમતી નયના અશોક લાપશીયા – મુલુંડ
૩૮. ચિ. વિરાજની ૯૯ યાત્રા નિમિત્તે અ.સૌ. હિના ડો. રણધીર–મુલુંડ
૩૯. ભૂમિ અને ઇશા સંજય પીર – ન્યુ જર્સી
૪૦. શ્રીમતી રાજબાઇ કેશવજી મોમાયા – મુંબઇ હઃ સૌ. જશ્મા હીતેશ મોમાયા
૪૧. શ્રીમતી નિર્મલાબાઇ સુમતિચંદ લોડાયા– નાસિક
૪૨. શ્રીમતી દમયંતી શામજી દંડ – મુલુંડ (વે.)–સેવક ભરૂડીયા
૪૩. અ.સૌ. રશ્મિ તિલક લોડાયા – નલીયા – અમલનેર

## જ્ઞાન દાનનો અનોખો લાભ

પરમાત્માએ જ્ઞાનની ગંગા વહેવડાવી... ગણધર ભગવંતોએ દ્વાદશાંગીની રચના કરી આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતોએ આ વાણી આપણા સુધી પહોચાડવા પ્રયત્ન કર્યો.. હવે અમે આ વાણીને ઘર-ઘરમાં પહોંચાડવાનો સંકલ્પ કર્યો છે. આપ સહુનો સહકાર અમારા સંકલ્પને સિદ્ધિ અપાવશે. આવો જ્ઞાન-દાનનો અનોખો લાભ લઇ મળેલી સંપત્તિને સફળ બનાવીએ.

આ યોજનામાં લાભ લેનાર ભાગ્યશાળીઓને ટ્રસ્ટમાંથી બહાર પડતું સાહિત્ય ભેટ આપવામાં આવશે.
જ્ઞાન દાનનો અનોખો લાભના યોજનાની જાણકારી માટે પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા નીચે જણાવેલ હુબલી ટ્રસ્ટનું સંપર્ક સાધવા વિનંતી.

**લિ. શત્રુંજય મુક્તિ વીરેન્દુ રત્નત્રયી ટ્રસ્ટ**

2ND FLOOR, BUILDING NO 2, ENKAY COMPLEX,
KESHWAPUR, **HUBBALLI - 5800 23.** KARNATAKA STATE Mo. 9448350125

**અંક ન મળ્યાની ફરિયાદ :** ''મુક્તિ કૃપા'' ત્રિમાસિક અંક છે. દર વર્ષે ફેબ્રુઆરી, મે, ઓગષ્ટ, તથા નવેમ્બરની ૧૦ તારીખના નિયમિત પાલીતાણાથી પોસ્ટ કરવામાં આવે છે. તમને તા. ૨૫ સુધી અંક ન મળે તો તમારા સભ્ય ક્રમાંક સાથે પાલીતાણા ફરીયાદ કરવી. અંક શિલકમાં હશે તો તમને મોકલવામાં આવશે. સભ્ય ક્રમાંક વિનાની ટપાલ ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.
અંક ન મળ્યાની ફરીયાદ નીચેના સરનામે કરવી.
''મુક્તિ કૃપા'' અશોક પ્રિન્ટરી, દરબાર ચોક, પાલીતાણા. ૩૬૪૨૭૦. મો.૯૮૯૮૭૫૩૮૭૦.

શ્રી શત્રુંજય એકેડમી સંચાલિત

# શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ. જી. મહારાષ્ટ્ર - ૪૨૪ ૧૦૧.

શુભાશીર્વાદ
શાસન શિરોમણી, તપચક્રવર્તી, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.
દિવ્યકૃપા
આગમ આરાધિકા બા.બ્ર.પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. તથા
શાસન પ્રભાવિકા પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.
પ્રેરણા માર્ગદર્શન - પ.પૂ. સા. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. M.Sc., Ph.D.

મળેલા માનવભવને સફળ કરવા...

મળી ગયેલા જિન શાસનને જાણવા... સમજવા...

જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ-શ્રાવક બનવા..

સમ્યગ્જ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુતરત્નો પ્રાપ્ત કરવા..

જીવનમાં સુખ-શાંતિ અને સમાધિનો અનુભવ કરવા...

## શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમમાં

## જોડાવવા હાર્દિક આમંત્રણ

હિન્દી, ગુજરાતી તથા English ત્રણે વિભાગોમાં વર્તમાન પરિસ્થિતિના કારણે
પાંચે વર્ષમાં અભ્યાસક્રમમાં ONLINE પ્રવેશ ચાલુ છે.

વધુ વિગત માટે જુઓ www.shatrunjayacademy.com વેબસાઈટ પર

First in Gujrati... Then in Hindi — Now in English Also

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં તમને કુલ ૧૦ (દસ) પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્નપત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્નપત્ર ભરીને તમને પાછો મોકલવાનો રહેશે. ૧૦ (પાઠ) પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J.) તમને ''સમ્યગ્જ્ઞાન પ્રવેશિકા, બીજા વર્ષના અંતે (S.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન પરિચય', ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J.) તમને 'સમ્યગ્ જ્ઞાન સ્નાતક', (B.J.)ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (Master of Jainism (M.J.) અને ડોક્ટરેટ Doctor of Jainism (D.J.) ડિગ્રી પણ મેળવી શકાશે.

| સંપર્ક સૂત્ર | સંપર્ક સૂત્ર | સંપર્ક સૂત્ર |
| --- | --- | --- |
| સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા<br>શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કમ્પાઉન્ડ<br>મોંઢા રોડ, ઔરંગાબાદ-૪૩૧૦૦૧.<br>ફોન : (02848) 2336475. | SHILPA AJANI<br>MUMBAI<br>Mo. 9821113338<br>Email : shilpaajani1@gmail.com | લતાબેન વીકમશી<br>૨/૩૯ અનંતનિવાસ, ભાત બજાર,<br>મસ્જીદ બંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯.<br>Mo. 9323944117. |

સંપર્ક સૂત્ર - હેમલ પોલડિયા C/o. શ્રી શત્રુંજય એકેડમી, ચાલીસગામ. Mo. 8956372227

**PRINTED MATTER ONLY** **BOOK POST**

**To,**

**From :-**
**Shatrunjay Mukti Virendu Ratnatrayi Trust**
**New cotton Market,**
**HUBLI - 580 029**
**(KARNATAKA STATE)**

ફરીયાદ લખતી વખતે આપનો ગ્રાહક નંબર અવશ્ય લખવો.

# અર્હતની આંગળીયે

ભક્ત કવિ સુરદાસ અને સંત કબીરથી લઇને આપણા અવધૂતયોગી આનંદઘનજી સુધી સહુએ ગાયું છે :

"अवसर बेर बेर नहिं आवै ।

जो चाहो करि लेव भलाई , जन्म जन्म सुख पावै ।

तन मन धन मैं नहिं कहुँ अपना, छाँड़ि पलक मैं जावै

અર્થશાસ્ત્ર મુજબ, દરેક અવસર  સાથે એક મૂલ્ય સંકળાયેલું છે, જેને opportunity cost કહેવામાં આવે છે. જો આપણે સરળ શબ્દોમાં સમજવા માંગીએ તો, મળેલી તક જતી કરીને આપણે જે ગુમાવીએ છીએ તે opportunity cost છે. ઉદાહરણ તરીકે, ધારો કે તમને  ૧૫૦૦ રૂપિયાના ભાવે ૨૫ પુસ્તકો ખરીદવાની તક છે. પરંતુ તમે સમયસર તે મોકાનો લાભ લઈ શકતા નથી. અને બાદમાં તમારે એ જ ૨૫ પુસ્તકો ૧૮૦૦ રૂપિયામાં ખરીદવા પડે છે. અહીં ગુમાવેલી તકની કિંમત છે, ૧૮૦૦-૧૫૦૦ = રૂ. ૩૦૦.

તેવી જ રીતે, જીવનમાં આવેલી અને ખોઈ નાખેલી દરેક તકની એક કિંમત હોય છે. અને તેની કિંમત પૈસા વડે માપી શકાતી નથી. ક્યારેક તક ગુમાવવી એટલે જીવન ગુમાવવું. માટે જ કહ્યું છે કે, "તે લોકો નસીબવંતા હોય છે, જેમને સારી તકો ઉપલબ્ધ થાય છે. તે લોકો શૌર્યવંતા હોય છે જે તકો ઉભી કરે છે. પરંતુ તે જ લોકો વિજયવંતા હોય છે જેઓ તેમના અવરોધોને અક્વસરોમાં ફેરવે છે!"

આપણે અત્યારે અવસર્પિણી કાળના પંચમ આરા અથવા પંચમ કાળમાં છીએ. તેથી હવે લગભગ આગામી ૮૧૦૦૦ વર્ષ સુધી, આ પૃથ્વી અથવા ભારતક્ષેત્ર પર આત્મા માટે મુક્તિ પ્રાપ્ત કરવી શક્ય નથી. પરંતુ દરેક આત્મા પરમ આનંદ પ્રાપ્ત કરવા માટે જન્મ અને મૃત્યુના ચક્રમાંથી હંમેશ માટે મુક્ત થવા ઈચ્છે છે. શું ભવચક્રના પુનરાવર્તનમાંથી પોતાને મુક્ત કરવાનો કોઈ રસ્તો નથી, કોઇપણ તક નથી? તો શું આપણો રત્નચિંતામણી જેવો આ મનુષ્ય ભવ એળે જશે? અને મોક્ષની મહામૂલી તક એ તેની "ઓપર્ચ્યુનિટી કોસ્ટ" હશે? ના, આપણા જ્ઞાનીઓના ભાખ્યાં પ્રમાણે આ  અવરોધમાં પણ એક અવસર છુપાયેલો છે, એક માર્ગ છે, અને તે છે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ અને અરિહંતનું શરણું!

પરંતુ આ વાત સમજવા માટે, આપણે જૈન ભુગોળનો થોડો અભ્યાસ કરવાની જરૂર છે જે બ્રહ્માંડને ત્રણ અલગ-અલગ પ્રદેશોમાં વિભાજિત કરે છે જેમ કે:

૧. ઉર્ધ્વ-લોક - સ્વર્ગ. ૨. મધ્ય-લોક – પૃથ્વી ૩. અધો-લોકા – નરક.

મધ્ય લોકમાં ૩ દ્વીપ (ટાપુઓ જે સામૂહિક રીતે અઢીદ્વીપ તરીકે ઓળખાય છે)નો સમાવેશ થાય છે જ્યાં મનુષ્ય અને પ્રાણીઓ રહે છે -૧. જંબુદ્વીપ,

૨. ધાતકીખંડ દ્વીપ અને ૩. પુષ્કરવર દ્વીપ.

પ્રત્યેક દ્વીપમાં કર્મભૂમિ ક્ષેત્રો આવેલા છે જ્યાં તીર્થંકર પ્રભુની ઉત્પતિ થઈ શકે છે. જેમના નામ ભરત ક્ષેત્ર, એરવત ક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્ર છે. જંબુદ્વીપમાં – ૧ ભરત ક્ષેત્ર, ૧ ઐરાવત ક્ષેત્ર, ૧ મહાવિદેહ ક્ષેત્ર છે. બાકીના બંને દ્વિપો પર બે-બે ભરત ક્ષેત્ર, એરવત ક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્ર છે. આમ કુલ ૧૫ કર્મભૂમિઓ છે. અઢી દ્વિપમાં કુલ ૫ મહાવિદેહ ક્ષેત્રો છે. આપણી પૃથ્વી એ પ્રદેશમાં આવેલી છે જે મધ્ય લોકના અંત ભાગમાં છે અને તેને "ભરત-ક્ષેત્ર" કહેવામાં આવે છે. મહાવિદેહ ક્ષેત્ર મેરુ પર્વતની (મધ્યવર્તી ધરી) ની બંને બાજુએ, આ માળખાના કેંદ્રીય પ્રદેશમાં આવેલું છે.

ભરત અને ઐરાવત ક્ષેત્રોથી વિપરીત, મહાવિદેહ ક્ષેત્ર સૌથી અનોખું છે કારણ કે આ પ્રદેશમાં સદા કાળ એક સમાન  પર્યાવરણ જળવાઈ રહે છે જે દુ:ખમ-સુખમ કાળ (કાળના ચોથા આરા) સમાન છે, જ્યાં જ્ઞાન પ્રાપ્તિ શક્ય છે. આ સુવર્ણકાળ, જે આધ્યાત્મિક જ્ઞાન માટે અનુકૂળ છે, તે પાંચેય મહાવિદેહ પ્રદેશોમાં સદાકાળ વર્તે છે. ત્યાં જીવોનું આયુષ્ય ઘણું દીર્ઘ હોય છે જે પૃથ્વીના વર્ષોની દ્રષ્ટિએ ગણતરી કરવામાં આવે તો લાખો વર્ષોમાં ચાલે છે. મહાવિદેહ ક્ષેત્રના માનવીઓ માત્ર આધ્યાત્મિક રીતે જ ખૂબ વિકસિત નથી, પરંતુ સંસાધનોથી સમૃદ્ધ ચોથા આરા જેવું વાતાવરણ તેમને શારીરિક રીતે પણ ખૂબ જ સક્ષમ બનાવે છે.

દરેક મહાવિદેહ ક્ષેત્ર ૩૨ ભાગો (વિજય)માં વહેંચાયેલું છે. આમ પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં કુલ ૧૬૦ (૩૨x૫) વિજયો છે. કોઈપણ સમયે ૫ મહાવિદેહ ક્ષેત્રોમાં જઘન્ય (ઓછામાં ઓછા) ૨૦ તીર્થંકરો હોય છે. આ સંખ્યા ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) ૧૬૦ તીર્થંકરો સુધી જઈ શકે છે; દરેક વિજયમાં એક.

જંબુદ્વીપના મહાવિદેહમાં ચાર તીર્થંકરો, ધાતકીખંડ ના પૂર્વ અને પશ્ચિમમાં ચાર-ચાર તથા મહાવિદેહ અને પુષ્કરવર્દ્વીપના પૂર્વ અને પશ્ચિમમાં ચાર-ચાર તીર્થંકરો છે. આમ અત્યારે ૫ મહાવિદેહ પ્રદેશોમાં ૨૦ તીર્થંકરો છે. હાલમાં ત્યાં રહેતા આ તીર્થંકરોને વિહારમાન તીર્થંકર કહેવામાં આવે છે. આ રીતે અઢીદ્વીપ તરીકે ઓળખાતા ત્રણ દ્વીપ પ્રદેશોના પાંચ મહાવિદેહ પ્રદેશોમાં ૨૦ તીર્થંકરો છે.

૨૦ વિહારમાન (હાલના) તીર્થંકરોમાંથી પ્રથમ ૪ ના નામ નીચે મુજબ છે-

૧. સીમંધર સ્વામી

૨. યુગમંધર સ્વામી

૩. બાહુ સ્વામી

૪. સુબાહુ સ્વામી.

તેઓ આપણા જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રના છે. બાકીના ૧૬ તીર્થંકરોની સરખામણીમાં તેઓ આપણી નજીક છે, અને તેમાં પણ શ્રી સીમંધર સ્વામી સર્વાધિક નિકટ. એક આત્મા પૂણ્યબળે સ્થળાંતર કરીને મહાવિદેહ પ્રદેશોમાંના એકમાં માનવ જન્મ લઈ શકે છે અને મુક્તિ સુધી પહોંચવા માટે પ્રગતિ કરી શકે છે. ચોથા આરા જેવી સ્થિતિને કારણે, ભવ્ય જીવો માટે મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષ પ્રાપ્ત કરવા માટે દરેક સમયે પરિસ્થિતિઓ સાનુકૂળ હોય છે જ્યારે ભરત અને ઐરાવત ક્ષેત્રોમાં, મનુષ્યો આ પંચમ કાળમાં મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી. મહાવિદેહ ક્ષેત્ર માત્ર મનુષ્યો જ નહીં, પણ દેવતાઓ અને નારકીઓ જેવા તમામ સંવેદનશીલ જીવો પણ માટે જન્મ લેવા માટે સૌથી વધુ ઇચ્છિત પ્રદેશ છે કારણ કે ત્યાં મોક્ષનું દ્વાર હંમેશા ખુલ્લું રહે છે. મહાવિદેહ ક્ષેત્ર જ્ઞાનના માર્ગને આગળ ધપાવવા માટે સૌથી અનુકૂળ વાતાવરણ ધરાવતું હોવાથી, મોક્ષના ઈચ્છુકોને ત્યાં જન્મ લેવાની સહજ ઈચ્છા હોય છે. શ્રી સીમંધર સ્વામીની અત્યંત ભક્તિ અને કેન્દ્રિત ઉપાસના એ ધન્ય ભૂમિનો સૌથી ટૂંકો અને નિશ્ચિત માર્ગ છે! એકવાર ત્યાં જન્મ લીધા પછી, વ્યક્તિને તીર્થંકરના સમોવસરણમાં પ્રવેશી તેમના આશીર્વાદ મેળવવાની તક મળી શકે છે અને આખરે મુક્ત થઈ શકે છે!

જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં કુલ ૩૨ દેશ છે. શ્રી સીમંધરસ્વામી પુંડરિકગિરીમાં છે, જે પુષ્પકલાવતી રાજ્યની રાજધાની છે. તે આપણાથી સૌથી નજીક હોવા છતાં, આ મહાવિદેહ ક્ષેત્ર આપણા ભારત ક્ષેત્રથી ઉત્તર-પૂર્વ દિશામાં લાખો માઈલ દૂર છે.

સીમંધરસ્વામીનો જન્મ આપણા વર્તમાન ચૌવિસીના સત્તરમા તીર્થંકર શ્રી કુંથુનાથસ્વામી અને અઢારમા તીર્થંકર શ્રી અરનાથસ્વામીના જીવનકાળ વચ્ચે થયો હતો. પુંડરિકગિરિના રાજા શ્રી શ્રેયાંસ અને રાણી સાત્યકી તેમના માતા-પિતા છે. તેમનું નામ સીમંધર રાખવામાં આવ્યું કારણ કે, તેમના જન્મ પછી, રાજા અને તેમનું રાજ્ય ચમત્કારિક રીતે સમૃદ્ધ થયા. જન્મથી, તેની પાસે અવધિજ્ઞાન છે. આપણા ભારતક્ષેત્રમાં વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામી અને એકવીસમા તીર્થંકર શ્રી નેમિનાથસ્વામીની હાજરી વચ્ચેના સમયે સીમંધરસ્વામીએ મહાવિદેહ ક્ષેત્રમાં દીક્ષા ગ્રહણ કરીને સંસારનો ત્યાગ કર્યો હતો. દીક્ષા સમયે, તેમણે મનઃપર્યજ્ઞાન (ટેલિપેથી) પ્રાપ્ત કર્યું. હજાર વર્ષના તપસ્વી જીવન પછી, તેમણે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું અને મોક્ષમાર્ગનો ઉપદેશ આપવાનું કાર્ય શરૂ કર્યું છે.

વિશ્વ કલ્યાણના તેમના કાર્યમાં મદદ કરવા માટે, તેમની સાથે ૮૪ ગણધર, ૧૦ લાખ કેવલીઓ, કરોડો સાધુ-સાધ્વીઓ, રાજાઓ અને કરોડો શ્રાવકો-શ્રાવિકાઓ છે. તેમના અધિષ્ઠાતા દેવ-દેવી શ્રી ચંદ્રાયણ યક્ષ દેવ અને શ્રી પંચાંગુલી યક્ષિણી દેવી છે.

સીમંધર સ્વામી અને ૫ મહાવિદેહ ક્ષેત્રોના અન્ય ઓગણીસ જીવંત તીર્થંકરો, તેમના જીવનકાળ પૂર્ણ કર્યા પછી મોક્ષ પ્રાપ્ત કરશે. એ જ ક્ષણે આપણી આગામી ચૌવિસીના નવમા તીર્થંકર પણ આ પૃથ્વી પર હાજર થશે અને આઠમા તીર્થંકરે ત્યારે જ નિર્વાણ પ્રાપ્ત કર્યું હશે.

આપણે અગાઉ નોંધ્યું છે તેમ, હાલમાં સીમંધરસ્વામીની આયુ ૧,૫૦,૦૦૦ પૃથ્વીવર્ષના છે અને તેઓ આગામી ૧,૨૫,૦૦૦ વર્ષ સુધી વિચરશે. તેથી, તેમના પ્રત્યે અખૂટ ભક્તિ અને બિનશરતી અને અચળ સમર્પણ દ્વારા, આપણે મહાવિદેહ ક્ષેત્રમાં આપણા ભાવિ જન્મ માટે યોગ્યતા પ્રાપ્ત કરી શકીએ છીએ અને આપણે તેમના દર્શન (ઝલક) અને તેમનો ઉપદેશ મેળવીને મોક્ષ પ્રાપ્ત કરી શકીએ છીએ!

આજે ભારતના વિવિધ રાજ્યોમાં ઠેર-ઠેર શ્રી સીમંધરસ્વામીના ઘણા દેરાસર છે જ્યાં આપણી ઉપાસનાને એક અનુકૂળ વાતાવરણ મળી શકે છે અને આપણી ભક્તિમાં વૃદ્ધિ થઈ શકે છે.

શાસનની સાક્ષીએ
ત્રિયોગે મિચ્છામી દુક્કડમ
શિલ્પા અજાણી
૨૫/૦૭/૨૦૨૪

# શોધીલે જીવનનો સાર

## ૧.ક્ષમા વીરસ્ય ભૂષણમ્

જિનશાસનમાં ક્ષમા ધર્મનું એક આગવું સ્થાન છે. વિશ્વના તમામ ધર્મો ક્ષમાધર્મની વાત બતાવે છે. પણ જૈનદર્શનની ક્ષમા અલગ પ્રકારે જ બતાડવામાં આવી છે.

તત્વાર્થ સૂત્રની વૃત્તિમાં શ્રી સિદ્ધસેન ગણિએ તથા વિંશતિ વિંશિકામાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ક્ષમાના પાંચ પ્રકાર બતાવ્યા છે.

(૧) ઉપકાર ક્ષમા (૨) અપકાર ક્ષમા (૩) વિપાક ક્ષમા (૪) વચન ક્ષમા અને (૫) ધર્મ ક્ષમા.

પર્વાધિરાજ પર્વનાં પણ ૫ કર્તવ્યો કહ્યા છે. તેમાં પણ ''પરસ્પર ક્ષમાપના'' એક કર્તવ્ય છે, 'ક્ષમા એટલે ખમવું'...

કલ્પસૂત્રમાં કહી રહ્યા છે. ''જે ખમે છે તે આરાધક છે, જે નથી ખમતો તે વિરાધક છે.''

**'जो उवखमियव्वं तस्स अत्थि आराहणा,जो न उवखमियव्वं तस्स नत्थि आराहणा'।।**

આવા પર્વાધિરાજ જેવા ક્ષમાપનાના મહાપર્વને પામીને અને સુંદર તપ-જય ભક્તિ દ્વારા આરાધના કરીને આપણે ક્ષમાની સાધનાનાં કેટલા આગળ વધ્યા તે વિચારીએ...

અહીં પાંચ પ્રકારની ક્ષમા બતાવી છે...

**(૧) ઉપકાર ક્ષમા :** જે કોઈપણ આપણા ઉપકારી હોય તેના કડવા વચન પણ સહન કરી લેવા તે ઉપકાર ક્ષમા કહેવાય... મને ભણવામાં મદદ કરનાર મારો મિત્ર છે. એટલે તે મારો ઉપકારી કહેવાય અને એણે મને કાંઇક કડક શબ્દોમાં કહી દીધું તો પણ મારાથી એને સામે ન બોલાય, એના ઉપર ગુસ્સો ન કરાય. આવો વિચાર કરવો તે ઉપકાર ક્ષમા છે.

**(૨) અપકાર ક્ષમા :** જે ઉપકારી છે... આપણાથી બળવાન છે તેની સામે ન બોલવું... પુત્ર હોય તે વિચારે જો પિતા સામુ બોલીશ તો સંપત્તિમાં ભાગ નહીં મળે, વિદ્યાર્થી વિચારે કે અધ્યાપક સામું થઇશ તો પરિક્ષામાં નાપાસ કરશે એના ભયથી જે ક્ષમા રાખવામાં આવે તે અપકાર ક્ષમા છે...

**(૩) વિપાક ક્ષમા :** કર્મોનો વિચાર કરી ક્ષમા રાખે, હું કોઇના ઉપર પણ ગુસ્સે થઇશ તો મને

પરલોકમાં દુર્ગતિ મળશે... આવા દુર્ગતિના દુઃખો મારે ભોગવવા નથી, દુર્ગતિમાં મારે જવું નથી. આમ પરલોકના ડરથી ડરે તેના લીધે ગુસ્સો ન કરે, ક્ષમા રાખે તે વિપાક ક્ષમા કહેવાય છે.

**(૪) વચનક્ષમા** –કોઇને કડવા વચન કહી ને દુભાવે નહીં અને સામે કોઇ કડવા વચન બોલે તો પોતે ક્રોધ કરે નહિ. વચન એટલે પ્રભુની આજ્ઞા હૃદયસ્થ કરી આવતાં કષાયોને અટકાવે તે વચન ક્ષમા. આવો ક્ષમાભાવ રાખતી વખતે એના હૃદયમાં એવો ભાવ હોય કે, મને મારા પ્રભુ વ્હાલાં છે. એટલે વ્હાલાને જે ગમતું હોય તે મારે કરવું. મારા પ્રભુને ક્રોધ પસંદ નથી. પોતે ક્ષમાના દાનવીર છે એટલે જ તો દૃષ્ટિવિષ એવા સર્પકૌશિકને જે પરમાત્માને ડંખ મારવા આવ્યો તેને પણ ક્ષમાના પાઠ શીખવી ને બુઝ ! બુઝ! એમ કહી ક્રોધને શાંત કરી દિધો...'વચનની કેવી જબરદસ્ત તાકાત'

**(૫) ધર્મક્ષમા :** ધર્મનું આત્મામાં સ્થિરીકરણ... ધર્મ એટલે સ્વભાવ આ ક્ષમાને ધારણ કરનારાનો સ્વભાવ જ એવો હોય કે ક્રોધના કેટલાં પણ નિમિત્ત મળે તોય સામેવાળા પ્રત્યે ક્રોધ ન કરે... ક્ષમાભાવ એનાં જીવનમાં સહજતાથી વણાઇ ગયો હોય.... મારે ક્રોધ ન કરવો જોઇએ એવો વિચાર કરવાની પણ જરૂર રહેતી નથી આને ઉત્કૃષ્ટ કોટીની ક્ષમા કહેવાય... આ કક્ષાએ પહોંચતા પહેલા ઉપરની ૪ ક્ષમા આત્મસાત્ કરવી પડશે ત્યારે જ સાચી ધર્મક્ષમા આવશે...

જંગલમાં જ્યારે પણ દાવાનલ પ્રગટ થાય છે ત્યારે તેમાં કારણભૂત લાકડાનું ઘર્ષણ હોય છે. તે પણ સૂકા લાકડાં... સૂકા લાકડાંનું એકબીજાથી ઘર્ષણ થાય એટલે તરત જ અગ્નિ પ્રગટ થાય છે તે જ મુશ્કેલી છે. બેમાંથી જો એક લાકડું ભીનું હોય તો ગમે તેટલું ઘસો તો ય અગ્નિ પ્રગટ ન થાય... તેવી જ રીતે બે માંથી જો એક વ્યક્તિનું હૃદય પ્રેમભીનું હોય તો જીવનમાં ક્યાંય દાવાનલ પ્રગટ ન થાય... સંઘર્ષ ઉભો ન થાય... ક્રોધ ન આવી શકે...

ક્રોધના આવા નિમિત્તોથી બચવા શાસ્ત્રકાર મહર્ષિઓએ ચાર પ્રકારના જીવો બતાવ્યા છે. (૧) ઉત્તમ (૨) અતિ ઉત્તમ (૩) પરમ ઉત્તમ (૪) ઉત્તમોત્તમ.

**(૧) ઉત્તમ** – જેને જીવનમાં ક્યારે ક્રોધ જ ન આવે તે 'ઉત્તમ' જીવ કહેવાય....

**(૨) અતિ ઉત્તમ** – સંજોગોવશાત કદાચ ક્રોધ આવી પણ જાય તો એને વાણીમાં કે વર્તનમાં એ ક્રોધને પ્રગટ ન થવા દે તેવા જીવો 'અતિઉત્તમ' કહેવાય.

**(૩) પરમ ઉત્તમ** – જે સ્વયં પોતે ક્રોધ જ ના કરે, પણ એમનું જીવન જ એવા ઉચ્ચ કોટીનું હોય કે એમનો નિમિત્ત પામીને કોઇપણ જીવ ક્યારે ક્રોધ ના કરે તે 'પરમઉત્તમ' જીવ કહેવાય.

**(૪)ઉત્તમોત્તમ**– ક્યારેક એવું કાંઇ કારણ ન હોય છતાં સામેની વ્યક્તિને ક્રોધ આવી જાય તો એ સામેવાળા ઉપર ક્રોધ તો ના જ કરે, પણ એવો બુદ્ધિપૂર્વકનો વ્યવહાર એની સાથે કરે કે વ્યક્તિનો ક્રોધ

પરસ્પર પ્રસન્નતાનું કારણ બની જાય. આવા જીવો 'ઉત્તમોત્તમ' કહેવાય છે.

આવા ઉત્તમોત્તમ વ્યક્તિ કેવા હોય છે ?

એક સુંદર મજાની નગરી...

એક રાજા...

ન્યાયપ્રિય ખરા પણ...

અભિમાની પણ હતા...

અને જ્યાં અભિમાન પણ એક મોટા સમ્રાટ્ જેવો... અભિમાની જીવોની મુશ્કેલી એ છે કે જેટલો અહંકાર વધુ તેટલો ક્રોધ વધુ... તેવા જીવોનો પારો હંમેશા ઉંચો રહેતો હોય છે. નિમિત્ત મળ્યું નથી, અને બોઇલર ફાટ્યું નથી ! આમાં પણ સત્તા સાથે હોય તો પછી શું જોઇએ ? કોઇની પણ નાની ભૂલ થઇ હોય તો પણ રાજા સીધી ફાંસીની સજા ફટકારે. તેથી આસપાસના લોકો રાજાથી ખૂબ ડરતા હતા. કોઇ એમની પાસે જવાની હિંમત ન કરતા. જે બહુ ક્રોધી હોય, એનાથી આજુબાજુના લોકો સતત ડરતાં હોય છે અને આવા સ્વભાવના કારણે કોઇ એમની પાસે પણ જવા તૈયાર ન થાય !

રાજા સાવ સામાન્ય ભૂલ થઇ હોય તો પણ ફાંસીની સજા આપે... આવું ઘણીવાર નગરવાસીઓએ જોયું હતું... એટલે સૌ સાવધાન રહેતાં હતાં...એકવાર રાજા જમવા બેઠા છે... તેમનો રસોઇયો ભોજન પીરસતો હતો... મિઠાઇ પીરસી, ફરસાણ પીરસ્યું, રોટલી પીરસી, પીરસતી વખતે ખૂબ સાવધાનીથી પીરસી રહ્યો છે. સાવધાની રાખવા છતાં પીરસતી વખતે દાળનો એક છાંટો રાજાના બહુમૂલ્યવાન જરીયન વસ્ત્ર ઉપર પડ્યો...

દાળનો એક જ છાંટો, એ પણ સાવ નાનો ! નોકર ધ્રૂજી ઉઠ્યો. રાજના ક્રોધી સ્વભાવથી તે સુપરિચિત હતો... હવે ફાંસીની સજા પાકી મળશે, રાજા ઉપર નજર ગઇ. રાજાની આંખો લાલઘૂમ જોઇ, ગુલાબી ચહેરો ક્રોધની લાલશમાં ચમકતો જોયો, રાજાના ગોળ મુખમાં નોકરને ફાંસીનો ગોળ ફંદો દેખાવા લાગ્યો... રાજા મોઢામાંથી કંઇક શબ્દ ઉચ્ચારવા જાય તે પહેલા તો નોકરને જાણે શું થયું કે, હાથમાં રહેલી ગરમ ગરમ દાળની તપેલી રાજા ઉપર ઠાલવી દીધી. દાળ શરીર પર પડતાં કપડાં તો શું રાજાનું શરીર પણ આખું બગડ્યું... ક્રોધ પરાકાષ્ઠાએ પહોંચ્યો... રાજાને લાગ્યું કે નોકર ગાંડો ગઇ ગયો છે. એણે એના મગજનું સંતુલન ખોઇ નાખ્યું છે.

આ કૃત્યથી નોકરને ફાંસીની સજા તો નિશ્ચિત હતી... પણ ઇરાદાપૂર્વક આખી તપેલી ઢોળવા પાછળનું કારણ શું ? તે જાણવા નોકરને પૂછયું..

નોકરે ખૂબ શાંતિથી સ્વસ્થતાપૂર્વક જવાબ આપ્યો, 'દાળનો માત્ર એક જ છાંટો પડ્યો અને

રાજાએ નોકરને ફાંસીની સજા કરી...'' આવું સાંભળીને નગરવાસીઓ તમારી માટે કાંઇ કહે તો મારા મહારાજ ! આપનું કેટલું ખરાબ લાગે ? જ્યારે એ લોકો સાંભળશે કે મે આખો તપેલો તમારા ઉપર ઢોળી દીધો... તો મેં આપનું હડહડતું અપમાન કર્યું એટલે મને ફાંસીની સજા મળી... ફાંસીની સજા તો થવાની પણ પ્રજાજનોમાં આપનું ક્યાંય ખરાબ ન લાગે તે માટે મેં આવું કર્યું... નોકરની બુદ્ધિ... એની વિચારધારા સાંભળીને રાજા સ્તબ્ધ થઇ ગયા ! આ સાંભળી રાજાએ એને ફાંસીની સજા તો ન આપી પણ વિશેષ મતિના કારણે મંત્રીમંડળનો સભ્ય બનાવી દિધો, નોકરે આવું સરસ કૌશલ્ય બતાવ્યું જેથી રાજાનો અભિશાપ પણ આર્શીવાદમાં પરિવર્તિત થઇ ગયો...

આવા આ ચાર પ્રકારના જીવો બતાવ્યા તેમાંથી આ ચર્તુથ પ્રકાર 'ઉત્તમોત્તમ' સતત ધ્યાનમાં રાખવા જેવો છે... શાસનપતિ મહાવીરસ્વામી પ્રભુએ પણ આ જ કહ્યું છે કે, એવી અદ્‌ભૂત રીતે જીવન જીવીએ કે આપણને તો ક્રોધ ન આવે પણ સામેવાળાને ક્રોધ આવી જાય તો આપણો વ્યવહાર એની પ્રત્યે એવો અનુપમ હોય કે એનાથી પ્રસન્નતાનો પરીમલ પ્રસરી જાય !

ક્ષમા એ ક્ષમતાવાળા હિંમતવાળાની શોભા છે... આભૂષણ છે...

અહંકાર રહિત જીવ જ આવી ક્ષમા માંગવામાં હિંમત કરે છે...

જે જે મહાપુરુષો શિવસુખને પામ્યા છે તે બધાં જ ક્ષમાના આરાધક હતા... પછી તે ગજસુકુમાલ હોય તો પણ ભલે...

મેતારજ મુનિ હોય તો પણ ભલે...

ખંધકસૂરિ હોય તો પણ ભલે...

તો ચાલો ! મિત્રો તૈયાર થઇ જાવ આ ક્ષમાના ગુણને પોતાના જીવનમાં ઉતારી લેવા... વીરના વારસદાર ખરેખર, આ ''**क्षमा वीरस्य भूषणाम्** '' તેને જીવનમાં અંગીકાર કરી સ્વપર કલ્યાણ સાધીએ...

# ક્રોધ વિજેતા

જિનશાસન મળી જાય... જિનશાસનની એકથી એક મહાન સાધનાઓ પ્રાપ્ત થઇ જાય... આત્મકલ્યાણની સામગ્રી સુલભ બની જાય... ધર્મક્રિયાઓ પણ જીવનમાં આવી જાય...

પરંતુ જો ધર્મના મર્મ સ્વરૂપ સમતા ન સમજાય તો બધું જ વ્યર્થ છે. અહીં અચ્ચંકારી ભટ્ટાની સુંદર વાત જણાવી છે. જીવનને સુખી બનાવવા કેવળ સંપત્તિ-સામગ્રી જરૂર નથી. બધું જ હોવા છતાં જીવનમાં પોતાની જીદ, ક્રોધ કેવા ઉત્પાત જગાવે છે ? જીવનને કેવું ભયાનક બનાવે છે ? તેનું સાચું સ્વરૂપ અચ્ચંકારી ભટ્ટાની કથા આપણને સમજાવી જાય છે.

ધન નામે શેઠ હતા...

કમળશ્રી નામે શેઠાણી હતા.

પ્રચુર પુણ્યના ઉદયે સંસારમાં લીલા લહેર હતી... આઠ આઠ પુત્રો ઉપર શેઠને કન્યારત્નની પ્રાપ્તિ થઇ હતી... ઘરમાં સહુની લાડલી-પ્યારી કન્યા... નામ પાડ્યું ભટ્ટિકા.

પિતાની તો એવી લાડલી કે કોઇ એને એક શબ્દ કહી ન શકે. એની ઇચ્છા કે વાત સામે ચા કે ચું કરે તો એનું આવી જ બન્યું સમજો... તેથી એનું નામ પડી ગયું અચ્ચંકારી ભટ્ટા.

કોઇ એને કશું જ કહે નહીં... કરે પણ નહીં... એ જે વાત કહે તે બધા જ માન્ય રાખે. ઘરના માન્ય રાખે... નોકર-ચાકર માન્ય રાખે... સખી સહેલીઓ અને આડોસી -પાડોસી પણ માન્ય રાખે....

બસ ! અતિ લાડમાં બાળક બગડે એ ન્યાયે અચ્ચંકારી ભટ્ટા બગડી તો નહીં પણ અજાણતાં જ અત્યંત અહંકારી -અભિમાની બની ગઇ...

પૂર્વનું પુણ્ય સારું હતું... ધર્મ પ્રત્યે અને જ્ઞાન પ્રત્યે રૂચિ હતી... ધગશ હતી... જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ સારો હતો. સંસ્કારો સારા હતા....નિત્ય પ્રભુ દર્શન... પૂજા... સામાયિક... પ્રતિક્રમણની આરાધના કરતી.. સાધ્વીજી ભગવંત પાસે સમજીને શ્રાવકના સમ્યક્ત્વ સહિત બાર વ્રતોનો સ્વીકાર કર્યો... જીવવિચાર -નવતત્વ, દંડક...સંગ્રહણીનું જ્ઞાન મેળવ્યું. પરંતુ એક મોટામાં મોટો દોષ હતો અહંકારનો ! હું કહું અને કરું એ જ સાચું !

પુણ્યના પ્રભાવે પિયરમાં તો બધું બરાબર ચાલ્યું. બધાએ અચ્ચંકારી ભટ્ટાના અહંકારનું પોષણ કર્યું. તેથી એ વધારે ને વધારે મજબૂત બન્યો... પરંતુ ધીરે ધીરે અચ્ચંકારી ભટ્ટા મોટી થઇ ગઇ.. પરણવાનોસમય થયો. અચ્ચંકારીએ શરત મૂકી 'મારી આજ્ઞા માને મારા કહ્યા પ્રમાણે કરે એને જ પરણીશ.'

ઘણા યુવાનો આવ્યા... ઘણા ગયા...

અચ્ચંકારીના રૂપ-રંગ-સંસ્કારમાં વાંધો ન હતો... ઘરનો-સંપત્તિનો વાંધો ન હતો... પરંતુ જ્યાં અચ્ચંકારી ભટ્ટાની પ્રતિજ્ઞાની શરતની વાત આવતી યુવાનો પીછે હઠ કરી જતા. ધીરે ધીરે સમય સરકવા માંડયો ઉંમર વધવા લાગી. માતા-પિતાને ચિંતા થવા લાગી. દિકરીનું શું થશે ? બધી દિકરીઓ પોતાનું ભાગ્ય લખાવીને જ- લઇને જ આવે છે પરંતુ મોહ મા-બાપને ચિંતા કરાવે છે.

એકદા નગરના રાજાના યુવાન મંત્રીશ્વરના કાને અચ્ચંકારી ભટ્ટાની વાત આવી. એણે એના રૂપના વખાણ સાંભળ્યા. વિચાર કર્યો ગામના જ આવા મોટા શેઠની આવી સુંદરી મળતી હોય તો તે ગુમાવવા જેવી નથી. એણે શેઠનો સંપર્ક કર્યો... સંબંધ સ્વીકાર્યો. શરત સ્વીકારી... ધામ ધુમથી લગ્ન થયા...

સાસરીયામાં બધા અચ્ચંકારીની વાતને સ્વીકારતા રહ્યા. એનો અહંકાર વધુ ને વધુ મજબૂત બનતો રહ્યો. એક દિવસ એણે મંત્રીશ્વને આજ્ઞા કરી... આજથી સાંજે તમારે જલ્દી ઘેર આવી જવાનું... પછી બહાર જવાનું બંધ. સ્ત્રીની આજ્ઞા સાંભળી મંત્રી મનમાં ધુંધવાયો પણ કશું બોલ્યો નહીં. એ દિવસથી ક્રમ ચાલુ થયો... રોજ જલ્દી આવી જવાનું... પછી મિત્રો બોલાવે કે રાજાનું કામ હોય ઘરમાંથી બહાર નીકળવાનું જ નહિં...

ધીમે ધીમે મિત્રોમાં.. સમાજમાં ગામમાં વાતો થવા લાગી. વાત એકદા રાજાના કાને આવી. રાજાને આશ્ચર્ય થયું આવી શરત હોય ? આવી સ્ત્રીની આજ્ઞા માનવાની ? રાજાએ કામના બહાને જાણી જોઇને મંત્રી સુબુદ્ધિને રાતના મોડે સુધી રોકી રાખ્યો...

અચ્ચંકારી રાહ જોઇ-જોઇને થાકી. અંતે ગુસ્સામાં એણે ઘરના બારણા બંધ કરી નાંખ્યા. રાતના મોડેથી મંત્રી આવ્યા... ઘણું સમજાવ્યું પણ આજે સમજે એ બીજા. એણે દરવાજો ખોલવાની સદંતર ના પાડી દીધી.... બધા જ સમજાવવાના પ્રયત્ન જ્યારે નિષ્ફળ ગયા ત્યારે અત્યંત થાકેલા મંત્રીશ્વરે ગુસ્સામાં આવીને કહી દીધું- ''આટલો રૂબાબ કોના ઘરમાં રહીને તું કરે છે ?''

અહંકારથી અક્કડ અચ્ચંકારીના ગાલે જાણે કોઇએ થપ્પડ મારી હોય એમ એ ગુસ્સામાં નખશીખ સળગી ઉઠી. અંતરમાં જ્યારે આવેશ અને આક્રોશ પ્રવેશે છે ત્યારે વિવેક પાછલા બારણે જ છૂ મંતર થઇ જાય છે. આગળ પાછળનો કોઇ પણ વિચાર કર્યા વિના જોરથી દરવાજો ખોલ્યો-મંત્રીશ્વર અંદર આવ્યા અને એ બહાર નિકળી ગઇ. એણે પિયરનો રસ્તો પકડ્યો. પતિદેવે ઘણો સમજાવવાનો પ્રયત્ન કર્યો... વ્યર્થ ગયો...

ઘરમાંથી બહાર પગ મૂકતાં સ્ત્રીએ ઘણો જ વિચાર કરવો જોઇએ. ઘરમાં સલામતી છે બહાર પરેશાની છે. ઘરમાં શાંતિ છે... બહાર અશાંતિ છે. ઘરમાં સમાધિ છે બહાર ઉપાધિ છે...

અચ્ચંકારીના એક ખોટા પગલાએ જીવનમાં ભયાનક વળાંક આવ્યો. પોતાના હાથે એણે પોતાના સુખી સંસારને આગ ચાંપવાનું કાર્ય કર્યું... ક્રોધની ચિનગારીએ એના જીવનના સુખોને બાળીને રાખ કરી નાંખ્યા...

રાતના અંધકારમાં... ગુસ્સામાં ઘરમાંથી બહાર નિકળી. સાસરીયામાંથી રીસાઇને નીકળેલી

સ્ત્રીનું સ્થાન પિયર સિવાય ક્યાં હોય ? અચ્ચંકારી ભટ્ટા રાત્રીના અંધકારમાં રસ્તો ભુલી ગઇ. પિયરના માર્ગના બદલે બીજા જ રસ્તે ચઢી ગઇ. માર્ગમાં ચોર મળ્યા...

રાત્રીનો સમય... એકલી સ્ત્રી... અલંકારોથી મઢેલી અને સામે ચોર !

પરિણામ જે આવવું જોઇએ તે જ આવ્યું. ચોરોએ પહેલા એના બાહ્ય અલંકારો લુંટી લીધા પછી એમની નજર એના રૂપ ઉપર પડી. એના અભ્યંતર અલંકાર સમા શીલ ઉપર વાદળ ઘેરાયા. ચોરોએ એને પકડીને પોતાના પલ્લિપતિને સોંપી.

પલ્લિપતિ રૂપ જોઇ મોહી પડ્યો. ભોગોની માંગણી કરી. અચ્ચંકારી ભટ્ટાએ એને ઠુકરાવી. પલ્લિપતિએ એની નજીક જવાનો પ્રયત્ન કર્યો તો અચ્ચંકારી ભટ્ટાએ જોરથી રાડ પાડી મરી જવાની ધમકી આપી.

અચ્ચંકારીને કબુલ કરાવવા એને રોજ જુદી જુદી રીતે માર મારી હેરાન કરવાનું ચાલુ કર્યું. ક્યારેક લાકડીનો માર.... ક્યારેક લાતોનો માર... ક્યારેક હંટરના ફટકા માર ખાઇ ખાઇને થાકી. ક્રોધના અહંકારના મહા ભયાનક ફળોને ભોગવતાં પશ્ચાતાપ કરવા લાગી. પણ હવે શું થાય ? ઘર ને વર દૂર થઇ ગયા હતા.

એકદા પલ્લિપતીને એની માતાએ સમજાવી બેટા ! આ કોઇ મહાસતી જણાય છે. એ તારી ઇચ્છા પૂરી નહીં કરે. સતી સ્ત્રી મોતને ભેટે પણ શીયળ ન મૂકે. તું આ શીલવતીને રંજાડ નહીં. ઉલટા એના શ્રાપથી તું હેરાન અને વેરાન થઇ જઇશ...

માતાએ ઘણી રીતે સમજાવવાથી પલ્લિપતિએ ધીરે-ધીરે અચ્ચંકારી ભટ્ટાને હેરાન કરવાનું છોડી દીધું. એક દિવસ પલ્લિપતિએ એને એક મ્લેચ્છ વણકરને વેંચી નાંખી.

મ્લેચ્છ વણકરે પણ રૂપ જોઇ પ્રથમ ભોગની જ માંગણી કરી. પરંતુ જ્યારે એને સમજાયું કે આ સતી સ્ત્રી મને વશ નહીં થાય ત્યારે એના માટે ખર્ચેલા પૈસા વસુલ કરવા એણે અધમ માર્ગ વિચાર્યો. અચ્ચંકારીના શરીરના સર્વત્ર છીદ્ર કરી એને ચાળણીની જેમ વીંધી નાખ્યું પછી એમાંથી લોહી કાઢીને એથી એણે કપડા રંગવાનું ચાલુ કર્યું... જ્યારે લોહી નિકળવાનું બંધ થયું ત્યારે પાછું ખવડાવી -પીવડાવી બરાબર કરે. પછી પાછું એના શરીરમાંથી લોહી ખેંચી (ચૂસી) લે. એ સતત અસહ્ય વેદના પીડા ભોગવવા લાગી. રાત-દિવસ અકળામણ બેચેની વધવા લાગી. આવા જીવન કરતાં મોત સારું એમ ભાસવા માંડ્યું. અહીંથી ભાગી છુટવાના વિચાર આવવા લાગ્યા... પોતાનું ધાર્યું કરવાવાળી અચ્ચંકારી ભટ્ટા આજે લાચારી ભર્યું જીવન જીવવા લાગી. કર્મની કહાની અજબ ગજબની છે. ઘણા જ્ઞાનીઓના અને વડિલોના અનેકવાર સમજાવ્યા છતાં જે વાતો સમજાતી નથી તે વાતો કર્મસત્તા ક્ષણવારમાં આપણને સમજાવી દે છે.

આ વણકરની પાસે દુઃખ દર્દ ભર્યું જીવન જીવતા અચ્ચંકારી ભટ્ટાને જીવનના ઘણા બધા સત્યો સમજવા મળ્યા. પોતાની ભૂલો સમજાણી. ક્રોધ અને માનના ભયાનક પરિણામ સાક્ષાત જોવા-જાણવા સમજવા જ નહીં પણ અનુભવવા મળ્યા. જીવનભર જે 'મજા' ભોગવી હતી એની 'સજા' અત્યારે તે પામી હતી.

**કડવા ફળ છે ક્રોધના, જ્ઞાની એમ બોલે.**

પરમ કૃપાળુ પરમાત્માએ આપણને સત્ય માર્ગ જ બતાવ્યો છે. મોહનો નશો આપણને એ સત્ય સમજવા દેતો નથી. જીવનમાં કોઇ મોટી હોનારત સર્જાય છે... મોટો ધરતીકંપ થાય છે... ભયાનક ઠોકર લાગે છે ત્યારે આ જીવનો મોહનો નશો ઉતરી જાય છે. જીવનની વાસ્તવિકતાનો એને ખ્યાલ આવે છે. સંસારનું સાચું સ્વરૂપ સમજાય છે. કષાય દ્વારા જીવનમાં થયેલી પાયમાલી એને સમજાય છે.

ક્યારેક ક્રોધનો દાવાનલ જીવનને સળગાવી મુકે છે....

ક્યારેક અહંકારના પહાડ તલે એ પોતે જ દબાઇ જાય છે...

ક્યારેક માયા-કપટની બાજીઓ જીવનને ઘેરી વળે છે... પોતાની જાળમાં પોતે જ ફસાઇ જાય છે...

ક્યારેક લોભનો દરિયો એને જ ડૂબાડવા તૈયાર થાય છે...

આપણે અનાદિ કાળથી આવા કષાયોનો તોફાનોમાં અટવાયેલા છીએ... ભવોભવ આવા તોફાનોના કારણે જીવનને જીવવા લાયક બનાવવાને બદલે જીવનને તાપ અને સંતાપથી ભરપૂર બનાવ્યું છે. આપણે ક્રોધાદિની આગમાં સ્વયં બળ્યા છીએ અને અનેકોને બાળ્યા છે.

ક્રોધના કડવા ફળની સજા ભોગવતી અચ્ચંકારી ભટ્ટાની વ્યથા ભરી કથા આપણે જાણી. આ તો ભાન ભૂલેલી... અહંકારમાં અટવાયેલી અચ્ચંકારીની વાત છે પરંતુ એ અચ્ચંકારી પાસે પરમાત્માના શાસનનું મહામૂલું તત્વજ્ઞાન હતું. જીવ વિચાર અને નવતત્વનો અભ્યાસ હતો. સજા ભોગવતાં ચિંતનના ચમકારા થયા. આત્મા જાગૃત થયો.... કર્મસત્તા શિખર ઉપર બેઠેલાને ક્ષણવારમાં ખીણમાં પટકી શકે છે. ક્રોધના દાવાનળને શાંત કરવા ક્ષમાની શરણાગતિ અને માનમાં મદોન્મત્ત બનેલાને વિનય અને નમ્રતાની આરાધના વગર બીજો કોઇ માર્ગ નથી.

એક બાજુ અત્યંત વેદનાની વચ્ચે શીલ સચવાય છે એનો સંતષ હતો. તો બીજી તરફ જીવનમાં કરેલા ક્રોધ અને અભિમાનનો પશ્ચાતાપ હતો. આ જેલમાંથી મુક્તિ મળે તો ઉત્કૃષ્ટ જીવન જીવવાના અરમાન છે. અજ્ઞાન દશામાં કરેલી ભુલોને સુધારવાના ભાવ છે.

સાચા પશ્ચાતાપ અને પવિત્ર જીવનના સ્વામિનીને કશું જ અપ્રાપ્ય નથી. સુંદર જીવનની મનોકામના ફળી જાય એવો પુણ્યોદય જાગ્યો. મરુભૂમિમાં કલ્પવૃક્ષ મળે એવુંજ કાંઇક બન્યુ. આંખો ઉપર વિશ્વાસ ન બેસે એવું દશ્ય જોવા મળ્યું. જે વણકર પાસે અચ્ચંકારી ભટ્ટા હતી એ જ વણકર પાસે કાપડ લેવા એક દિવસ એનો ભાઇ આવી ચડ્યો. કર્મસત્તા પાસે રહેલાને દૂર પણ કરી શકે છે અને અંતરાય કર્મ તુટતાં શક્યતા ન હોય એવાને પણ ભેગા કરી દે છે. ભાઇની નજર બેન ઉપર પડી અને ક્ષણવાર મનમાં વિચાર ઝબક્યો- ''આ મારી બેન તો નહીં ને ?''

ભાઇએ વણકરને પૂછી જ લીધું- 'આ સ્ત્રી કોણ છે ? એ તમારી પાસે ક્યાંથી આવી ?

વણકરે જવાબ આપતા કહ્યું- 'હું આ સ્ત્રીને ઓળખતો નથી, મને પલ્લિપતિએ વેંચી. મેં એને ભોગની યાચના કરી પણ એણે ન સ્વીકારી તેથી હું એનું લોહી કાઢીને કપડા રંગીને પૈસા વસૂલ કરું છું.'

ભાઇને ખાત્રી થઇ આ મારી બેન જ હોવી જોઇએ. આવી પરિસ્થિતીમાં એણે અખંડ શીલ પાળ્યું છે તેથી હવે એને આ નરકાગારમાંથી મુક્ત કરું... એવો વિચાર કરી એણે એ કન્યાને જ પૂછ્યુ– 'હે ભદ્રે! તું કોણ છે ?'

કન્યાએ ભાઇને ઓળખીને કહ્યું– 'હે વીરા ! હું અવન્તી નગરીના ધન શ્રેષ્ઠિની કન્યા છું... સુબુદ્ધિ મંત્રીની ધર્મપત્ની છું. તમે મને મારા ભાઇ જેવા લાગો છો.''

બહેનની વાત સાંભળતા જ બેનડી... બેનડી કહીને ભાઇ બેનને વળગી પડ્યો. બન્નેના આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા...

ભાઇએ બેનની પાસેથી જ એની વીતક કથા સાંભળી. એક જીદ, માણસને કેવા દુઃખોની દુનિયામાં લઇ જાય છે એ જાણીને ભાઇ સ્તબ્ધ બની ગયો. અંતે એણે બેનને આ સર્વ દુઃખોમાંથી મુક્ત કરવાનો નિર્ણય કર્યો... વણકર ધીમે ધીમે બધી વાત પામી ગયો. એણે બેન ભાઇને સોંપી દીધી. ભાઇએ વણકરને વિપુલ ધન આપી રાજી કર્યો...

ભાઇ બેન અચ્ચંકારી ભટ્ટાને લઇને ઘેર પહોંચ્યો. ઘર તો જાણે સ્વર્ગ બની ગયું સર્વત્ર આનંદ આનંદ છવાઇ ગયો... ઘરડા ઘડપણમાં ચિંતા કરતા માતા-પિતા વહાલસોયી દિકરીને જોઇ હર્ષથી ભેટી પડ્યા...

વૈદો આવ્યા...હકીમો આવ્યા... દવા ચાલુ થઇ. ખાવા -પીવામાં ખાસ સાર-સંભાળ રાખવામાં આવી. અલ્પ સમયમાં અચ્ચંકારી ભટ્ટા પહેલા જેવી જ રૂપવંતી સુંદરી બની ગઇ... પરંતુ બાહ્યરૂપ ભલે પહેલા જેવું જ હતું પરંતુ અંદરનું રૂપ-સ્વરૂપ બદલાઇ ગયું હતું. પોતાના તુચ્છ સ્વભાવનો પારાવાર પશ્ચાતાપ અંતરમાં હતો. હવે જીવનને અંદર અને બહારથી શાંતિ દાયક અને સૌના માટે સુખકારી બનાવવાનો સંકલ્પ થઇ ગયો હતો.

ક્રોધના ફળ ચાખી લીધા...હવે ક્ષમાના અમૃત ઘુંટ પીવાના ભાવ જાગ્યા અને એ દિશામાં પ્રચંડ પુરૂષાર્થ જાગ્યો. અચ્ચંકારી ભટ્ટાએ મનમાં સંકલ્પ કરી લીધો– ''જીવનમાં ગમે તેવી વિપત્તિઓના પહાડ તુટી પડે અથવા ગમે તેવા વિકટ પ્રસંગ સર્જાય તો પણ જીવન વિનાશક ક્રોધ અને અહંકારને ક્યારેય મારા જીવનમાં સ્થાન આપીશ નહીં.''

જીવનમાંથી અહંકાર ઓગળી ગયો...

જીવનમાંથી ક્રોધને કાઢી નાંખ્યો...

શીલવતી... રૂપવતી અને ગુણવતી અચ્ચંકારી, દેવી અને મહાદેવીના નામે સન્માન અને સત્કાર પામવા લાગી.

સુબુદ્ધિ મંત્રીને સમાચાર મોકલવામાં આવ્યા. સ્વભાવ પરિવર્તનાદિને જાણીને પોતાને ઘેર લઇ ગયો... ત્યાં પણ રૂપ-શીલ અને ગુણના ત્રિવેણી સંગમની સુવાસ સર્વત્ર ફેલાઇ ગઇ.

ગામે... ગામે, નગરે, ઘરે...ઘરે તો એ અચ્ચંકારી ભટ્ટાની પ્રશંસા થવા લાગી પરંતુ એક દિવસ

આ વાત દેવલોકમાં ચર્ચાનો વિષય બની ગઇ.

દેવલોકના નાટારંભ અને નૃત્ય-ગાનની વચ્ચે માનવીના સત્વની વાત ચર્ચાણી. કાળા માથાનો માનવી શું ન કરી શકે ? ક્રોધને ક્ષમામાં... વક્રતાને સરળતામાં... અહંકારને નમ્રતામાં... અને લોભને ઉદારતામાં ફેરવી નાંખવાનું પ્રચંડ સત્વ માનવી પાસે છે. એવા સત્વશીલ માનવીની સામે શક્તિશાળી દેવ પણ હારી જાય છે.

દેવોની સભામાં માનવીના વખાણ કેમ શક્ય બને ? એક મિથ્યાત્વી દેવે વાંધો ઉઠાવ્યો. આ કાળે કોણ આવો સત્વશાળી માનવી છે બતાવો ? હમણાં એને હરાવી આવું.

સૌધર્મ દેવલોકના ઇન્દ્રે કહ્યું - ''જંબુદ્વિપના ભરતક્ષેત્રા અવંતી નગરીમાં વસતિ અચ્ચંકારી ભટ્ટાએ પોતાના જીવનમાં ક્રોધને એવો જીત્યો છે... ક્ષમાને એવી આત્મસાત કરી છે કે તેને કોઇ હરાવી ન શકે... ક્ષમાશીલ સત્વશાળી એ નારી આપણા સહુને માટે પણ પરમ વંદનીય છે.''

પરંતુ ઇન્દ્રની વાત મિથ્યાત્વી દેવથી સહન ન થઇ એણે અચ્ચંકારી ભટ્ટાને હરાવવાનો સંકલ્પ કર્યો. અને જ્યાં અચ્ચંકારી ભટ્ટા રહેતી હતી ત્યાં એના ઘરે આવી અદશ્યપણે ત્યાં રહી અચ્ચંકારીને ક્રોધિત કરવાની તક શોધવા લાગ્યો.

તકની રાહ જોતાં દેવની સામે તક આવી.

મધ્યાહ્નના સમયે અચ્ચંકારીના દ્વારે ''ધર્મલાભ''નો ધ્વનિ સંભળાયો.

''પધારો... પધારો...'' બોલતી અતિ હર્ષિત થયેલી અચ્ચંકારી બહાર દોડી આવી. દ્વાર પર ઉભેલા બે મુનિરાજને જોઇ નેત્ર વિકસિત થયા... રોમ-રોમ હર્ષિત થયું.... વાણી ગદ્-ગદ્ બની - ''આજે મારા ભાગ્ય જાગ્યા. જેથી સંસારના તાપ અને સંતાપ મટાડનાર આપ મુનિરાજોના દર્શન થયા... મારા ઘરે આપના પગલા થયા. આજુ હું ધન્ય બની. કૃતપુણ્ય બની. હવે મારા ઉપર સવિશેષ કૃપા કરી મને લાભ આપો....''

અચ્ચંકારી ભટ્ટાના ભક્તિભાવ જોઇ પ્રભાવિત થયેલા મુનિરાજે કહ્યું- ''હે પુણ્યવંતા શ્રાવિકા બેન! મુનિરાજની વૈયાવચ્ચ માટે અમને 'લક્ષપાક''તેલનો ખપ છે. જો તમારી પાસે નિર્દોષ લક્ષપાક તેલ હોય તો અમને વહોરાવીને લાભ લો.''

આજે ખેરખર મારા ઘરે કલ્પવૃક્ષ ફળ્યો છે એમ માની આનંદ પામતી અચ્ચંકારી ભટ્ટાએ દાસીને બોલાવી કહ્યું - ''જાઓ ! અંદરથી લક્ષપાક તેલ લઇ આવો.''

પોતાને લાભ મળ્યો એમ જાણી દાસી પણ રાજી થઇ અંદર ગઇ. સંભાળીને લક્ષપાક તેલની બરણી લઇને શેઠાણીને આપવા આવી ત્યાં જ અચાનક બરણી હાથમાંથી છટકી... ''ખ..ણ..ણ..ણ..'' અવાજ સાથે કાચના ટુકડા ચારે તરફ વિખરાઇ ગયા અને મુલ્યવાન લક્ષપાક તેલ ઢોળાઇ ગયું...

બધા સ્તબ્ધ બનીને એકબીજાની સામે જોવા લાગ્યા...

શું થશે ? અચ્ચંકારી કેવા કોપાયમાન થશે ? આવું બધા વિચારે એ પહેલાં જ... અચ્ચંકારી ભટ્ટાએ દાસીની પૂછા કરી... ''તને તો ક્યાંય વાગ્યું નથી ને ?એણે ''ના'' પાડતાં જ એને બીજી બરણી સંભાળીને લાવવા કહ્યું.

દાસી વધારે સાવધાન બની... વધારે ધ્યાન રાખીને એણે લક્ષપાક તેલની બરણી બરાબર હાથમાં લીધી અને જલ્દીથી અચ્ચંકારી ભટ્ટાને આપે એ પહેલાં જ સાચવવા છતાં ન સમજાય એ રીતે હાથમાંથી બરણી જોરદાર ''ધડામ''ના અવાજ સાથે જમીન ઉપર પડી.

ફરી એકવાર કાંચના ટુકડા ચારે બાજુ વિખરાયા... તેલ જમીન ઉપર ઢોળાઇ ગયું...

દાસી ગભરાઇ ગઇ....

મુનિવર ક્ષોભ પામ્યા...

પરંતુ અચ્ચંકારી ભટ્ટા શાંત છે... સ્વસ્થ છે... એણે દાસી પ્રત્યે કહ્યું-'બેન ! ભય પામવાનું કારણ નથી. નાશવંતના નાશનો ખેદ કરવાનો ન હોય... આપણે તો નાશવંત દ્વારા શાશ્વતને પામવા વૈયાવચ્ચનો લાભ લેવાનો છે. જા ત્રીજી બરણી લઇ આવ.

મુનિ મનથી એ નારીની સમતાને નમી રહ્યા છે. ત્યાં દાસી ત્રીજી બરણી લાવવા ગઇ. અંતરના ભયને ખંખેરી... મક્કમ બની... હવે તો બરણીને નહીં જ પડવા દઉં એવા સંકલ્પ સાથે બરણીને મજબૂત પકડીને શેઠાણી પાસે પહોંચે એ પહેલાં જ ન સમજાય એ રીતે બરણી હાથમાંથી ઉછળી અને ભોંય ભેગી થઇ....''

એક વાર નહીં... બે વાર નહીં... ત્રણ ત્રણ વાર એ જ ઘટના બની... મહા મોંઘેરૂં લક્ષપાક તેલ ફોગટ ગયું...

મુનિ અને દાસી બન્નેને હતું હવે શેઠાણી ન બોલવાના બોલ બોલશે... બધો ગુસ્સો દાસી ઉપર કાઢશે...

મુનિરાજે કહ્યું- '' હે ઉત્તમ શ્રાવિકા ! તમારા ભાવથી તમને લાભ મળી ગયો છે. હવે અમારા માટે તેલ અનેષણીય છે. અમને તેનો ખપ નથી. પરંતુ અમારા ગયા પછી તેલના નિમિત્તથી દાસી ઉપર ગુસ્સો કરશો નહીં...

હે મુનિરાજ ! પૂર્વ ભવમાં આરાધેલા સુપાત્ર દાનના પ્રભાવે જ સંપત્તિ અને સુપાત્ર દાનની તક મળેલી છે. મારે ત્યાં ઘણા પ્રમાણમાં લક્ષપાક તેલ છે. એટલે મને લાભ આપ્યા વિના તો આપને જવાનું જ નથી. તુટેલી બરણીનો અને ઢોળાયેલા તેલનો શોક કરવો વ્યર્થ છે. આપણું આયુષ્ય પણ આવું જ ક્ષણભંગુર છે. ક્યારે તુટી જશે અને અણમોલ સામગ્રી ચાલી જશે આપણને ખબર નથી. છે એનો લાભ લઇ લઇએ... હવે હું જ મારા હાથે બરણી લાવું છું. મારા હાથે જ વહોરાવું છું.

મુનિરાજ એક શ્રાવિકા પાસેથી ક્ષમાની ઉપાસના શીખી રહ્યા હતા.

અચ્ચંકારી ભટ્ટા ચોથી બરણી સંભાળીને લઇ આવ્યા. સહજભાવે મુનિરાજને ખપ પ્રમાણે તેલ

વહોરાવી લાભ લીધો... આનંદ આનંદ અનુભવ્યો...

નુકસાની મોટી કે ખોટી ?

લાભ મોટો ? એનો ન કોઇ જોટો ?

મુનિરાજ પોતાની જાતને રોકી ના શક્યા. એમણે શ્રાવિકાબેનને પૂછ્યું - ''જીવનને ધન્ય બનાવનારા આવા ક્ષમાના પાઠ તમે કઇ નિશાળમાં કેવી રીતે ભણ્યા ? અમને જણાવો તો અમારું જીવન પણ તમારી જેમ દિપી ઉઠે.''

અચ્ચંકારી ભટ્ટા બોલી - ''જીવનની નિશાળમાંથી ક્રોધના કારણે ઠોકરો ખાઇને ઠેકાણે આવી છું. ક્રોધના કડવા ફળ જોયા છે... જાણ્યા છે... અનુભવ્યા છે. હવે એમાંથી એવા ક્ષમાના પાઠ મજબૂત બન્યા છે કે ગમે તેવા અંગારા વરસે તો પણ એમાંથી ક્યારેય ક્રોધની ચિનગારી ઉઠી જ ન શકે.''

મુનિરાજે અચ્ચંકારીની જીવનકથા - ક્રોધના ફળ જાણવાની જિજ્ઞાસા બતાવી. અચ્ચંકારી ભટ્ટાએ પોતાની જીવન કથા સંભળાવી. અને મુનિવરોને કહ્યું-'' હું સમય આવે મરણને શરણ થઇશ પરંતુ ક્રોધ નહીં કરૂં.''

અચ્ચંકારી ભટ્ટાનું અદ્ભૂત જીવન ચરિત્ર સાંભળી અદશ્ય રહેલો દેવ પ્રગટ થયો... અચ્ચંકારી ભટ્ટાના ચરણોમાં નમ્યો.. પોતાના આગમનનું પ્રયોજનાદિ જણાવી મેં જ ત્રણ ત્રણ વાર બરણી તોડી... ક્રોધિત કરવાનો પ્રયત્ન કર્યો... પરંતુ ક્ષમામુર્તિની સામે મારો પ્રયત્ન નિષ્ફળ રહ્યો... ચોથી વાર પણ મેં પ્રયત્ન કર્યો પરંતુ આ નારીરત્નના શીલના પ્રભાવથી હું બરણી તોડવામાં અસફળ રહ્યો... દેવોને પણ શીલ-સત્વ સામે હાર સ્વીકારવી પડે છે. આ સત્ય મને આજે સમજાયું. ઇન્દ્રે જે કહ્યું હતું તે સત્ય જ હતું....

દેવે અચ્ચંકારી ભટ્ટાને કાંઇક માંગવા કહ્યું. દેવદર્શન કાંઇક આપીને જ રહે છે. અચ્ચંકારી નારીને હવે સંસારના કોઇ તુચ્છ પદાર્થોમાં મોહ રહ્યો ન હતો. એણે ઇન્કાર કર્યો મારી પાસે શીલ અને ક્ષમા-રૂપી રત્નો છે બીજા રત્નોનેં શું કરું? શાશ્વત રત્નોને પામીને નશ્વર ઇચ્છા કોણકરે?

આપણે શાના અભિલાષી ?

શાશ્વતના કે અશાશ્વતના ?

દેવે એના ઘરમાં સુવર્ણની વૃષ્ટિ કરી... ચરણોમાં નમી સ્વસ્થાને ગયો...

મુનિવરો આજે શ્રાવિકા પાસેથી અનોખી ક્ષમાની હિતશિક્ષા પામી પોતાના વૈયાવચ્ચના કાર્ય તરફ આગળ વધ્યા.

ધન્ય નારી... ધન્ય ક્ષમા... ધન્ય જીવન...

આરાધના કરી દેવ લોકમાં જશે... ત્યાંથી મહાવિદેહમાં જઇ મુક્તિ મેળવશે... આવા ક્રોધના ફળને અને ક્ષમાની સાધનાને જણાવતી આશ્ચર્યકારી અચ્ચંકારી ભટ્ટાની કથા જાણીને આપણે સહુ ક્રોધને ત્યાગીએ ... અને ક્ષમાના સંદેશને જીવનમાં ઉતારીએ...

# વૈરાગ્ય શતક

ચાલો હવે વૈરાગ્ય શતકના સ્વાધ્યાયમાં આગળ વધીએ....

**सा नत्थि कला तं नत्थि, उसहं तं नत्थि किंपि विन्नाणं,**

**जेण धरिज्जइ काया, खज्जंती कालसप्पेणं...।।७।।**

એવી કોઇ કલા નથી, એવી કોઇ ઔષધિ નથી, તથા એવું કોઇ વિજ્ઞાન નથી જે કાળરૂપી સર્પથી ખવાતી કાયાને બચાવી શકે...

**વિવેચન :-**

ગત ગાથામાં આપણે જાણ્યું કે આયુષ્ય કેવું છે... કેવી રીતે ઘટતું જાય છે... આગળ વધતા આ ગાથામાં ગ્રંથકાર ભગવંત આયુષ્ય વિષે વિશેષ જાણકારી આપતા જણાવે છે કે એવી કોઇ કલા આ જગતમાં નથી એવી કોઇ ઔધધિ તથા વિજ્ઞાન આ જગતમાં નથી, જે આપણા ઘટતાં આયુષ્યને વધારી રાખે જે સતત ને સતત કાળરૂપી સર્પ પાસેથી ખવાય છે... આપણી એવી માન્યતા છે કે પૈસાથી અથવા ભૌતિક જ્ઞાનથી બધુ મેળવી શકાય છે... જ્ઞાનીઓની દૃષ્ટિએ એ ખોટી માન્યતા છે, કારણ કે ગમે તેટલા પૈસા ખર્ચી પણ આપણે એવી કોઇ ઔષધિ નથી ખરીદિ શક્યા કે જે આયુષ્યને વધારી રાખવા ઉપયોગી થાય... એવી કોઇ કલા તથા વિજ્ઞાનરૂપી જ્ઞાન નથી જે આ શરીરને ટકાવી રાખવા કામ આવે... આપણી ખોટી માન્યતાને દૂર કરવા તથા સાચી સમજણ આપવા ગ્રંથકાર ભગવંતે આ ગાથા રચી છે... તો ચાલો ! આ ગાથાના આધારે આ કાયાની અનિત્યતાની સમજણ લઇએ આ કાયા વિષેનો રાગ તોડવાનો પ્રયત્ન કરીએ...

પાકકલા, શસ્ત્રકલા, નૃત્યકલા, યુદ્ધકલા ઇત્યાદિ કલાઓ આ જગતમાં છે... પુરુષોની ૭૨ તથા સ્ત્રીઓની ૬૪ કલાઓ હોય છે... તોય આ બધી કલાઓમાં એક પણ કલા આયુષ્યને વધારી રાખવા સમર્થ નથી... કોઇ પણ કલાનો વિશેષમાં વિશેષ જ્ઞાન હોવા છતાં અનિત્ય કાયાને નિત્ય બનાવવામાં સક્ષમ નથી... આ વિવિધ કલાઓનું જ્ઞાન જીવનને સુંદર બનાવવાનાં ઉપયોગી છે પણ જીવનને વધારવામાં નહીં... તો વિચારો, જો કલારૂપી જ્ઞાન પણ આયુષ્યને વધારવા કે ધારવા સક્ષમ નથી તો આ મળેલ આયુષ્યને ક્યા સ્તરનો સદ્ઉપયોગ આપણને કરવો જોઇએ...!!!

આગળ વધતા જણાવ્યું છે કે કોઇ એવી ઔષધી નથી કે જેના આધારે કાયાને કાળરૂપી સર્પથી બચાવી શકાય... એને સમજીએ એક દાખલાથી એક ગામનાં એક ડોસી એના પુત્રના સાથે રહેતી હતી... એના પુત્રને એક બિમારી થઇ અને એ બિમારીના કારણે એનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું... એ ડોસી માટેનો એક માત્ર સહારો એનો એ પુત્ર હતો... પુત્રના મૃત્યુની વાતને એ ડોસી પચાવી ન શકી... માટે ગામનાં જેટલા પણ વૈદ્યો હતા એ બધાની પાસે એ મરણ પામેલા પુત્રને લઇ જતી અને એનો ઇલાજ કરવા વિનંતી

કરતી... પણ એને નિરાશ થઇ એ વૈદ્યો પાસેથી પાછું આવવું પડતું હતું કારણ કે મરણ પામેલ વ્યક્તિનો કોણ ઇલાજ કરી શકે... ? દસ વૈદ્યો પાસેથી નિરાશ થઇ પાછી આવેલી ડોસી અગિયારમાં વૈદ્ય પાસે જાય છે...એ વૈદ્ય એ ડોસીને કહે છે – હું તારા પુત્રનો ઇલાજ કરી આપીશ. પણ મારી એક શર્ત છે...ડોસી આ વાત સાંભળી રાજી થઇ જાય છે... કારણ અત્યાર સુધી દસ વૈદ્યોએ એ ડોસીને ઇલાજ માટેની સાફ ''ના'' પાડી હતી... એ ડોસી અગ્યારમાં વૈદ્યને કહે છે કે ''મને આપની બધી શર્તો મંજૂર છે, બસ આપ મારા પુત્રને ઠીક કરી દો.''આ વાત સાંભળી એ વૈદ્ય કહે છે કે ''આ ગામમાં બધાના ઘરોમાં જા... જે ઘરમાં ક્યારે પણ કોઇ મૃત્યુ ન થયું હોય એ ઘરનું પાણી લઇને આવ... જો આવા ઘરના પાણીનો છંટકાવ તારા પુત્ર ઉપર કરવામાં આવશે તો એ ઠીક થઇ જશે...'' જેમ વૈદ્યે કહ્યું તેમ જ એ ડોસીએ આચર્યું... એ ડોસી ગામના એક-એક બધાના ઘરોમાં જવા લાગી અને બધાને પુછવા લાગી કે કોઇનું ઘર એવું છે કે જ્યાં અત્યાર સુધી એક પણ મૃત્યુ ન થયું હોય... ગામના બધા ઘરોમાં જવા છતાં એને એક પણ ઘર એવું મળ્યું નહીં કે જ્યાં અત્યાર સુધી એક પણ મૃત્યુ ન થયું હોય... એ નિરાશ થઇ વૈદ્ય પાસે જઇ જણાવે છે કે એને એક પણ ઘર એવું મળ્યું નહીં જ્યાં મૃત્યુ ન થયું હોય... એ વાત સાંભળી એ વૈદ્ય ડોસીને સમજો છે કે – બેન મૃત્યુ જીવનની વાસ્તવિકતા છે... આજ સુધી કોઇ એવી ઔષધી નથી બની કે જે આ વાસ્તવિકતા ને બદલાવી શકે ... એ ડોસી તો આ વખતે સમજી ગઇ પણ આપણે સમજ્યા કે નહીં...???

દિવસ-રાત એક કરી આપણે પૈસા કમાવીએ... વધુમાં વધુ પૈસા કમાવવા માટે દોડા-દોડ કરીએ... પણ ક્યારે એ વાતનો વિચાર જ નથી કરતા કે કેટલા પણ પૈસા કમાવ્યા પછી પણ આ શરીરને બચાવવા માટેની ઔષધિ ક્યારે પણ આપણને નહીં મળે... માટે જ એ વાતનો વિશેષથી વિચાર કરવો જોઇએ કે જે કાયાના સુખ માટે અમુલ્ય એવા ભવના સમયને વેડફીએ છીએ એ વ્યાજબી છે... ? કારણ કાયાનો કોઇ ભરોસો નથી... આ વાતનું ચિંતન-મનન કરી કાંચ સમાન કાયા માટે નહીં પણ રત્ન સમાન આત્મા માટે આપણને પરુષાર્થ આદરવો જોઇએ...!!!

Science is impruving daily... આ વાત આપણા મગજમાં એવી રીતે બેસી ગઇ છે કે આપણને લાગે કે વિજ્ઞાન એક માત્ર આપણો તારણહાર છે... તથા વિજ્ઞાન પાસે પ્રત્યેક સમસ્યાનું સમાધાન છે... રોજે હજારો નવા-નવા સંશોધનો થાય છે પણ અત્યાર સુધી એવું એક પણ સંશોધન થયું છે કે જે આ કાયાને ધારી રાખવા સમર્થ હોય... ? ''ના બરાબર... કારણ વિજ્ઞાનમાં ક્ષમતા છે... સુખ સામગ્રી બનાવવાની પણ જે શરીર આ સુખ-સામગ્રીનો ભોગવટો કરે એ શરીરને બનાવવાની ક્ષમતા વિજ્ઞાનમાં નથી, ના કે એ શરીરને ધારી રાખવાની ક્ષમતા વિજ્ઞાનમાં છે... સર્પના વિષથી બચાવવાના ઉપાયો વિજ્ઞાન પાસે છે પણ કાળરૂપી સર્પથી બચાવવાના ઉપાયો વિજ્ઞાન પાસે નથી..

એક શહેરમાં એક મોટો વેપારી રહેતો હતો... એને ત્રણ પુત્ર હતા... ત્રણે પુત્રો ભણવામાં ઘણી આવડત રાખતા હતા... ત્રણે પુત્રોએ નાનપણમાં જ પોતાનું Career નક્કી કરી લીધું હતું... પહેલા પુત્રને નવા-નવા પ્રયોગો કરવામાં ઘણો રસ હતો... એ પાઠશાળામાં વધુમાં વધુ સમય પ્રયોગશાળામાં જ વ્યતિત કરતો હતો... માટે એને મોટા થઇ Scientist બનવાનું નક્કી કર્યું... બીજા નંબરના પુત્રને શરીર વિષયે વિવિધ માહિતી મેળવવામાં રસ હતો.. શરીરના રોગો, એના માટેના ઉપાયો, ઇત્યાદિ

બાબતોમાં રૂચી હોવાના કારણે એને Doctor બનવાનું નક્કી કર્યું... વળી ત્રીજા પુત્રને કળા ક્ષેત્રમાં રૂચી હતી. માટે એ એનો સમય વિવિધ કળાઓ શિખવામાં વ્યતિત કરતો અને મોટા થઇ Artist બનવાનું નક્કી કર્યું... ત્રણે પુત્રોએ જે જે Career પોતાના માટે વિચાર્યું હતું, એ ક્ષેત્રમાં એઓ ટોચે પહોંચ્યાં... ઘણી પ્રસિદ્ધિ મેળવી... એના પિતા પણ એમની પ્રગતિથી ખુશ હતા... એક દિવસ અચાનક તેના પિતા બિમાર થઇ ગયા અને એવા બિમાર થયા કે હવે બધાને એમનું મૃત્યુ નજીક દેખાવા લાગ્યું.... એ વ્યાપારીના ત્રણે પુત્રોને એ વ્યાપારી ઉપર ઘણો સ્નેહ હતો માટે એ ત્રણે પોતાનાથી બનતી બધી કોશિશો કરવા લાગ્યા કે જેનાથી એમના પિતા ઠીક થઇ જાય... અહીં એ વ્યાપારી પાસે કલા + વિજ્ઞાન + ઔષધિના ત્રિભંગી હતી તો ય કામ ન આવી. કલા ક્ષેત્રથી, વિજ્ઞાન ક્ષેત્રથી તથા વૈદ્યક્ષેત્રથી (ઔષધિ) ૨૦૦% પ્રયત્ન લગાવી પણ એ વ્યાપારીની કાયાને ન ધારી શક્યા... એનાથી એ ફલિત થાય છે કે કલા, વિજ્ઞાન અને ઔષધિ એ વ્યક્તિગત રીતે તો કામે ન આવે પણ ત્રણે સાથે હોવા છતાં પણ કામે ન આવે.

આ ગાથા દ્વારા ગ્રંથકાર એજ કહેવા ઇચ્છે છે કે રે જીવ ! આ જગતમાં કોઇ એવી કલા નથી, ઔષધ નથી કે વિજ્ઞાન નથી કે જે આ અનિત્ય કાયાને ધારી રાખે.... કાયા પુદ્‌ગલથી બનેલી હોય છે અને પુદ્‌ગલનો ગુણધર્મ છે કે તે નાશ થાય... માટે પુદ્‌ગલમય કાયા નાશ થવાની જ છે... એકમાત્ર આત્મ તત્ત્વ જ સનાતન છે, શાશ્વત છે... માટે કાયાની માયા છોડી આત્મા ઉપર પ્રેમ કર... અધર્મ ને છોડી ધર્મ આચર... કાયાનો સદ્‌ઉપયોગ કર કે જેનાથી ફરી ફરી આ કાયારૂપી કેદખાનામાં ન જન્મવું પડે....!!!

**નિષ્કર્ષ :-** કલા, ઔષધિ, વિજ્ઞાન જેને ધારવા અસમર્થ પડે,
એવી અનિત્ય કાયા છે જેનું મમત્વ કરી જીવ રડે,
ધર્મને આચરે એ જીવ મરણથી ના ડરે,
એ કાયાનું સ્વરૂપ જાણી એનો સદ્‌ઉપયોગ કરે...

**दीहरफणिंद-नाले , महिअर - केसर - दिसा - महदलिल्ले,**

**उ पीअइ कालभमरो, जणनयरंदं पुहविपउमे........॥८॥**

**ગાથાર્થ :** શેષનાગરૂપ નાળાવાળ, પર્વતરૂપ કેસરાવાળા, દિશારૂપ મોટા પાંદળાવાળા એવા પૃથ્વીરૂપ કમળમાં કાળરૂપ ભમરો આયુષ્યરૂપી મકરંદ ને સતત પીવે છે..

**વિવેચન-** આ જગતમાં સંસારી જીવોને આયુષ્ય કર્મના કારણે સંસારમાં મનુષ્ય, દેવ, નિર્યંચ તથા નરકનું આયુષ્ય ભોગવવું પડે છે... એકી સાથે જીવ એક આયુષ્ય ભોગવે છે.. હવે પ્રશ્ન એ આવે કે આયુષ્ય જો કર્મના ઉદયે ભોગવવું પડે છે તો એને એટલું મહત્વ કેમ અપાયું છે... પાછલી લગભગ બધી ગાથાઓમાં આયુષ્યને ઘણું મહત્વ અપાયું છે, એ પાછળનો ગ્રન્થકારનો ઉદ્દેશ શું છે ? એનો જવાબ બહુ જ સહેલો તથા અગત્યનો છે... અહીં આયુષ્યની મહાનતા ફક્ત મનુષ્યાયુની બતાવેલી છે... ના કે બધા આયુષ્યની... આયુષ્ય કર્મને તોડવા માટે મનુષ્ય આયુષ્ય જ જરૂરી છે... મનુષ્ય આયુષ્ય એ એકમાત્ર એવું આયુષ્ય છે કે જે સંસારમાં રખડતા જીવને મોક્ષે લઇ જવા સમર્થ છે... દેવતાના ભવમાં ભલે દેવો પાસે અમામ શક્તિ હોય, તો પણ મનુષ્ય આયુષ્યની તુલનાએ એ તૃણ માત્ર છે... કારણ સિદ્ધિ મહેલમાં

પહોચાડવામાં દેવ આયુષ્ય અસમર્થ છે જ્યારે મનુષ્ય આયુષ્ય સમર્થ છે... એ વાતને બરાબર રીતે જાણતા, સમજતા ગ્રન્થકારે આ ગાથામાં પણ આયુષ્યને વિષે સમજણ આપી છે... આ ગાથામાં એક અલગ દાખલાથી આયુષ્ય વિષે સમજણ આપવાનો પ્રયત્ન કર્યો છે... તો ચાલો એ દાખલાને સમજવાનો પ્રયત્ન કરીએ અને આયુષ્ય વિષે સમજી એનો સદ્ઉપયોગ કરવાનો સંકલ્પ કરીએ...

**નિગોદના કારાગ્રહેથી નિસર્યો તારી કૃપા,**
**વ્યવહારરાશી ત્રસપણું પામ્યો પ્રભુ તારી કૃપા,**
**શુભ મનુષ્ય જન્મને જૈન કુલ લાધ્યો પ્રભુ તારી કૃપા,**
**હવે મોક્ષ જો આપો મને જાણું ખરી તારી કૃપા...**

આ એક સ્તુતિમાં જીવની વિકાસ યાત્રા દર્શાવી છે... નિગોદમાં એટલે જ કે અવ્યવહારરાશીમાં રહેલો જીવ ઘણા કષ્ટો વેઠી, અકામ નિર્જરા કરતો... કરતો... મનુષ્યભવને પામે છે... અહીં એ વાત ઉપર ધ્યાન આપવાનું છે કે આયુષ્ય તો ઘણા ભોગવી આવ્યા તથા ભવિષ્યમાં પણ ઘણા ભોગવશું, પણ મનુષ્ય આયુષ્ય ક્વચિત જ પ્રાપ્ત થાય છે... અવ્યવહાર રાશીથી નિકળી જીવ વ્યવહારરાશી ને પ્રાપ્ત કરે... પછી સ્થાવરપણાથી નિકળી ત્રસપણાને પામે... ઘણા ભવો કરે, ઘણું પુણ્ય ખર્ચાય ત્યારે જીવને મનુષ્ય આયુષ્ય મળે... અને તેમાં પણ આર્ય ક્ષેત્ર તથા જૈન ધર્મ મેળવવા માટે વિશેષ પુણ્યાઇ જોઇએ... ગ્રંથકાર આ ગાથામાં એવા જ આયુષ્યની વાત કરે છે... જૈન ધર્મ + આર્ય કુળ સાથેના મનુષ્ય આયુષ્યની વાત છે. જે સતત ને સતત ઘટતું જાય છે...

મનુષ્ય આયુષ્ય કેવી રીતે મળ્યું ? શા માટે જરૂરી છે ? એ બન્ને પ્રશ્નોના ઉત્તર આપણે જાણ્યા... હવે આગળ આપણે એ જાણવું છે કે એ આયુષ્ય કેવી રીતે ઘટે ?... જલ્દીથી સમજાઇ જાય માટે એક અલગ દાખલાથી ઘટતા આયુષ્યનું વર્ણન કરવામાં આવ્યું છે... અહીં પહેલા પૃથ્વીને કમળની ઉપમા આપી છે અને કમળને જીવનની ઉપમા આપી છે. પૃથ્વીને કમળની ઉપમા આપતા ગ્રંથકાર જણાવે છેકે શેષનાગરૂપ કમળની નાળ છે, પર્વતસમાન અથવા પર્વતરૂપ કમળની કેસરા છે... દિશારૂપ કમળના પાંદડાઓ છે એવો પૃથ્વીરૂપ કમળ છે... આ પૃથ્વીરૂપ કમળને આગળ જીવનની ઉપમાં આપી છે... જેમ કમળનું સાર એના મકરંદમાં હોય છે... એવી જ રીતે જીવનમાં સારરૂપ આયુષ્ય છે. આયુ છે... જેમ મકરંદ વિના કમળની કિંમત નથી તેમ આયુ વિના જીવનની કિંમત નથી... એ તો આપણું રોજ દેખાતું સત્ય છે... સહૂથી વધારે પ્રિય એવા સ્વજન પાસે એની આયુ પૂર્ણ થયા પછી કોઇ બેસવા પસંદ નથી કરતો... આપણે જ આત્મ નિરીક્ષણ કરવાનું છે કે મૃત દેહ પાસે બેસતા મનને ગમશે કે નહીં.... ???

**પ્રાણ જશે જો પિંડથી, પિંડ કહેવાશે પ્રેત,**
**માટિમાં માટિ થશે, ચેત ચેત નર ચેત...**

આ બે પંક્તિઓ ઘણા પ્રશ્નોના જવાબ આપે છે તથા આપણને ચેતાવણી આપે છે... આયુષ્યની જીવનમાં શું શું મહત્ત્વતા છે. એ આપણને એનાથી સમજાય... જેમ ભમરો સતત ને સતત કમળને નહી

પણ એના સારરૂપ મકરંદને પીવે છે તેવી જ રીતે કાળરૂપ ભમરો જીવનના સારરૂપ આયુષ્યને પીવે છે.. અને કાળ પસાર થતા આયુષ્ય ઘટતું જાય છે... જીવનની એક-એક ક્ષણ મકરંદ સમાન છે... કમળના અંદરનું મકરંદ ખતમ થઇ જાય તો કમળ નિઃશુલ્ય બની જાય તેમ કાળ પસાર થતા આયુષ્ય પુરું થાય તો જીવન નિઃશુલ્ય બની જાય છે... જ્યાં સુધી કમળમાં મકરંદ હોય ત્યાં સુધી એ ભમરાઓથી ઘેરાએલું હોય.. તેમ જ જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી બધા એટલે જ કે સગા, સંબંધીઓથી જીવ ઘેરાયેલો હોય છે. મકરંદના અભાવમાં ભમરાઓ કમળ પાસે ન જ આવે તેમ જ આયુષ્યના અભાવમાં સગા, સંબંધી જીવ પાસે ન આવે... એવું આ બહુમુલ્ય આયુષ્ય છે.. આ ગાથામાં આયુષ્યને મકરંદની ઉપમા એટલે જ આપી છે કારણ કે આયુષ્ય પણ મકરંદ સમાન ઘણું મૂલ્યવાન છે...

અત્યાર સુધી ત્રણ વાતો સ્પષ્ટ થઇ (૧) મનુષ્ય આયુષ્ય કેવી રીતે મળ્યું... (૨) મનુષ્ય આયુષ્ય શા માટે જરૂરી છે. (૩) મનુષ્ય આયુષ્ય કેવી રીતે ઘટતું જાય છે... આ ત્રણ વાતોની સમજણ મેળવ્યા બાદ આગળ એક ઘણી જ જરૂરી વાતની સમજણ આપણને મેળવવાની છે... અને એ વાત છે મળેલા પુરતાં આયુષ્યના સદ્ઉપયોગની... એ ચારે વાતોને સમજીએ મહોપાધ્યાય યશોવિજયજી મ.સા. ના જીવનમાં બનેલા એક પ્રસંગથી... યશોવિજયજી મ.સા. ને એક પુસ્તક જોઇતું હતું... ઘણા પ્રયત્નો કર્યા ત્યારે એમને એ પુસ્તક મળ્યું પણ એ એક જ દિવસમાં પાછું આપવાની શર્તે... હવે એક જ દિવસ માટે મળેલ હતી માટે એ પુસ્તકના એક છેડેથી યશોવિજયજી મ.સા. એ અને બીજા છેડેથી એમના ગુરુએ પુસ્તક વાચવાં તથા કંઠસ્થ કરવાનું શરૂ કર્યું.. એ પુસ્તકનું મહત્વ એમના માટે એટલું હતું કે એમાં એમને ખાવા-પિવાનું બધુ છોડીને પુસ્તક કંઠસ્થ કરવાનો પુરુષાર્થ કર્યો... અહીં યશોવિજયજી મ.સા. ને ખબર છે કે કેટલા પ્રયત્નો પછી આ પુસ્તક મળ્યું છે... એ પુસ્તકની શું મહત્ત્વતા છે... તથા પુસ્તક એટલા અલ્પ સમય માટે મળ્યું છે.. આ ત્રણે વાતોને સ્પષ્ટતાથી જાણતા હતા માટે પ્રમાદને ગૌણ કરી એ પુસ્તકનો સદ્ઉપયોગ કરી લીધો... એવી જ રીતે આપણને આ ઘણા પ્રયત્ને મળેલો, ઘણો જરૂરી એવો તથા અતિ અલ્પ સમય માટે પ્રાપ્ત થયેલ આ મનુષ્ય આયુષ્યનો સદ્ઉપયોગ આદરવો જોઇએ... આ ગાથાથી જ્ઞાની ભગવંતો એ જ જણાવવા ઇચ્છે છે કે જે જીવ ! આ આયુષ્ય ઘણા કષ્ટોનું ફળ છે, એને ગુમાવ નહીં... ઘણું પુણ્ય ખર્ચાયું ત્યારે આ મનુષ્યભવનું આયુષ્ય મળ્યું... સિદ્ધરૂપી મહેલમાં જવા માટે એક માત્ર જરૂરી ભવનું આયુષ્ય આ મનુષ્ય આયુષ્ય છે... તથા કાળરૂપી ભમરા પાસેથી ખવાતું હોવાથી ઘણા અલ્પ સમય માટે છે... એ વાતનું ચિંતન-મનન કરી મળેલા આયુષ્યને બને તેટલો સદ્ઉપયોગ આદરવો જોઇએ.. એક ક્ષણ પણ ગુમાવવા જેવી નથી આ ગાથાનો સાર આજ છે કે મળેલા અલ્પ આયુષ્યનો ઉત્તમમાં ઉત્તમ વપરાશ કરી પોતાના આત્માને સંસારરૂપી કેદખાનાથી હમેંશ માટેની મુક્તિ અપાવવી...

**નિષ્કર્ષ :** મહાપુણ્યોદય ખર્ચાયું ત્યારે મળ્યો આ મનુષ્યભવ,
સિદ્ધિ મહેલ પહોંચાડવામાં સમર્થ છે આ મનુષ્યભવ,
અતિ અલ્પ સમય માટે મળ્યો છે આ મનુષ્યભવ,
આરાધના કરી સફળ કરશો મળેલો આ મનુષ્યભવ..

વિદ્યાધર નામનું પવિત્ર ગચ્છ...

તે ગચ્છમાં એવા શ્રી પાદલિપ્ત નામના આચાર્ય હતા...

ગુરુભક્તિથી પ્રસન્ન થઇ ગુરુએ બાલ્ય વયમાં પાદલેપ નામની આકાશગામિની વિદ્યા આપી હતી.

તે વિદ્યાના યોગે શત્રુંજય, અષ્ટાપદ, રૈવતાચલ, અર્બુદગિરિ અને સમ્મેતશિખર એ પાંચ તીર્થોપરના જિનેશ્વરોને નમસ્કાર કર્યા સિવાય તે આહાર વાપરતા નહિ...

સમસ્ત વિગઇનો ત્યાગ જીવનમાં હતો. માત્ર ભાત અને અથાણાથી આહાર કરી અનેક લબ્ધિઓ ઉત્પન્ન થઇ હતી...

એક વખત નાગાર્જુન યોગી કપટી શ્રાવક થઇને આકાશગામિની વિદ્યાના વિધિને ગ્રહણ કરવાની ઇચ્છાથી તેમની સેવા કરવા લાગ્યો. તે પ્રતિદિન ગુરુના ચરણે વાંદણા દેતો. લબ્ધ લક્ષગુણને લીધે વંદન કરતી વખતે ગુરુના ચરણને સુંઘવા માત્રથી તે ઔષધીને જાણી લેતો હતો. તેને પણ આ વિદ્યા પ્રાપ્ત કરવી હતી માટે સુંઘતા-સુંઘતા ... અનુક્રમે એકસો સાત ઔષધોને જાણી શક્યો પણ અભ્યાસના અભાવથી એકસો આઠમા ઔષધને તે સમજી ન શક્યો... પછી જે તે જળથી તેનું સંમેલન કરી આકાશમાં ઉડવાની ઇચ્છાથી તેનો બંને પગે લેપ કર્યો.. તેના પ્રભાવથી ઉડવા જાય છે પણ પાછો પડી જાય છે. એમ કરતાં સાચી વિધિને જાણ્યા વિના માત્ર તેના પર ક્ષતાવલી પડી ગઇ... ગુરુ મહારાજે તે જોઇ એટલે તેણે પોતાનો સઘળો વૃત્તાંત જણાવ્યો... આ સાંભળી તેની બુદ્ધિથી રંજિત થયેલા ગુરુ મહારાજે તેને બારવ્રત અંગીકાર કરાવ્યા. સત્ય શ્રાવક બનાવી વિધિપૂર્વક તે ઔષધ બતાવ્યું...

ગુરુ મહારાજે કહ્યું, ભદ્ર ! ' જો તારે આકાશમાં ઉડવાની ઇચ્છા હોય તો સાઠ તંદુલના જળથી આ ઔષધોનો તારે લેપ કરવો.' આ પ્રમાણે વિધિ સાંભળી તેણે તેમના કહ્યા પ્રમાણે કર્યું... તેના સર્વ મનોરથો સિદ્ધ થયા. તેને આકાશગામિની વિદ્યા પ્રાપ્ત થઇ...

એવી રીતે જિનમત્તની પ્રભાવના કરતો તે એક પરમ શ્રાવક થયો... એટલા માટે જ સત્ફળના

અર્થી એવા વિવેકીજનો દેવ, ગુરુ, પિતા અને રાજા વિગેરેને અંતરની ભક્તિપૂર્વક સેવે છે...

એકદા તે યોગીએ બહુ દ્રવ્યો મેળવીને સુવર્ણ સિદ્ધિ કરનાર એવો સહસ્રવેધી રસ સાધ્યો, અને તે એક કાચનાં કુંપામાં ભરીને સ્વસેવક સાથે પોતાની ભક્તિથી તે રસ ગુરુ મહારાજને ભેટ મોકલ્યો, આચાર્ય ભગવંતે સેવકને પૂછયું, 'આ શું ભેટ છે ?' અને તે કોણે મોકલ્યું છે ?' સેવકે કહ્યું, 'હે પ્રભો ! ત્રણે લોકમાં દુર્લભ એવો આ સુવર્ણ સિદ્ધિકર રસ નાગાર્જુને આપને ભેટ કર્યો છે.'

ગુરુએ કહ્યું, 'અહો ! અમારા શિષ્યની કેવી કૃતજ્ઞતા ?'કે, જેણે આ રીતે નવ્ય નિષ્પન્ન રસ અમને ભેટ કર્યો... પરંતુ બાહ્ય અને આંતર પરિગ્રહનો ત્યાગ કરનારા તથા તૃણ અને સુવર્ણમાં સમાન સ્પૃહવાળા એવા અમે એ રસને મનથી પણ ઇચ્છતા નથી.' 'આ અનર્થના હેતુભૂત રસનું શું પ્રયોજન છે ?' એમ મનમાં વિચારી તેમણે કહ્યું કે, 'એ મુગ્ધ અમારાં આચારને જ જાણતો નથી. એવું કહી રાખની સ્થંડિલભૂમિ પર તે રસ ત્યાં નાખી દીધો... અને પોતાના પ્રશ્રવણ (મૂત્ર)થી તે કુંપો ભરીને સૂરિએ તેને સોંપ્યો. એટલે સેવક પણ મનમાં ક્રોધિત થઇ નાગાર્જુન પાસે આવ્યો. અને આચાર્ય મ. ની સઘળી હકીકત જણાવી. એટલે તે યોગી રોષથી લાલ થઇ વિચારવા લાગ્યો કે, 'અહો ! એમનો અવિવેક ! અહો ! એમની પ્રત્યુપકારિતા ! એ મલીન જનો લોક વ્યવહારથી બહિર્મુખ અને પશુપ્રાય હોય છે. તથા સ્વપરના ભેદને પણ જાણતાં નથી.' આવી રીતે અંતરમાં અનેક સંકલ્પ કરીને એક શિલાતલ પર એણે અત્યંત જોરથી તે કુંપો ફોડી નાખ્યો... જેવો રસ તેના પર પડ્યો તત્કાલ તે શિલા બધી સુવર્ણમય થઇ ગઇ, આ જોઇ યોગી વિચારવા લાગ્યો કે, 'અહો ! ગુરુ મહારાજનો કેવો પ્રભાવ ? કે જેમના મળમૂત્રમાં પણ સુવર્ણસિદ્ધિ રહેલી છે. કેવી તપની શક્તિ ? અહો ! કેવો ભાગ્યવૈભવ ? કે જેમનું આ શરીર પણ સુવર્ણપુરૂષની જેમ સર્વ સુવર્ણમય છે.... મેં તો સહસ્રકલેશ સહન કરી રસસિદ્ધિ પ્રાપ્ત કરી છે. પણ એમનાં તો શરીરાં જ તે સ્વભાવથી રહેલી છે.'

આ પ્રમાણે જાણીને તે યોગીએ ત્યાં આવી યુગપ્રધાન એવા તે ગુરુ મહારાજને નમસ્કાર કરીને પોતાનો અપરાધ ખમાવ્યો. નાગાર્જુને કલ્પવૃક્ષ સમાન એવા તે શ્રી ગુરુની વંદન અને સ્તવનાદિથી ચિરકાલ પર્યંત આરાધના કરી...

એ પ્રમાણે જે મનુષ્યો કલ્પલતાની જેમ ગુરુભક્તિને આરાધે છે... તેઓને અલ્પ સમયમાં અખિલ ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

# મુક્તિ કણિકાઓ

હે ચેતન !
તું તારા વૈરી મનરુપ માચ્છીમારનો
કદાપિ વિશ્વાસ ન કરીશ... માછલી
પૌદ્ગલિક ઈચ્છામાં ફસાઈ જાય છે.
કે તેને માચ્છીમારની ફેલાવેલી જાલનું ભાન
નથી રહેતું... અને તેમાં તે ફસાઈ જાય છે.
અને નારકીરૂપ અગ્નિમાં શેકાય છે.
પણ તેના સંકજામાંથી છૂટી શકતી નથી...
એવી રીતે આ મનરૂપી માચ્છીમારના
સંકજામાં ફસાયેલા જીવો બહાર
નીકળી શકતા નથી.
એવા મનનો તું વિશ્વસ
ન કરીશ...!

મનમાંથી
સંકલ્પ દૂર કરવા,
ઉત્તમ વિચારોને સંચય કરવાની
સાથે ને સાથે મન ને
શાંત રાખવું જોઈએ..
સમુદ્રમાં જેવી રીતે મોજાં ઉછળે છે,
તેવી રીતે મનમાં પણ વિચારોના તરંગો
ઉઠ્યા કરે છે...તે સમયે
મન ને સ્થિર રાખવું
એ જ રાજયોગ છે...

મનોનિગ્રહ વિના
બ્રહ્મક્રિયા નિષ્ફળ છે...
યમ, નિયમ, તપ, ધ્યાન, સર્વ ક્રિયા,
જ્ઞાન અને વર્તન મનોનિગ્રહ વિના વ્યર્થ છે..
મનોનિગ્રહથી પરમપુણ્ય અને મોક્ષની
પ્રાપ્તિ થાય છે...
જ્ઞાન, ચારિત્ર, ભાવના અને
આત્મવિચારણા
મનોનિગ્રહના એ ઉપાયો
કહ્યા છે.

નીચેની પંક્તિઓને
સુવર્ણાક્ષરમાં લખી રાખો કે...
બધા સંયોગોમાં મન એક જેવું રાખવું.
તેવી શિક્ષા ગ્રહણ કરો...
કાર્યરુપમાં પરિણત કરો...
તેની સંગતિમાં રહો...
તેની સાથે સંભાષણ કરો...
તેના પર આધાર રાખો..
તેના પર શ્રદ્ધા રાખો...
તેના માટે આજ રાજયોગ છે.
એજ મોક્ષ પ્રાપ્તિનો ઉત્કૃષ્ટ
ઉપાય છે.

મનોનિગ્રહ
અત્યંત આવશ્યક છે..
કરોડો વર્ષથી જે કાર્ય
નથી થઈ શક્યું..... તે મનોનિગ્રહથી
એક ઘડીમાં થઈ જાય છે...
શુદ્ધ આચરણ અને ભાવનાની તરફ
મનને પ્રેરિત કરવું જોઈએ...
વિચાર કરવાથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે.
જેથી સંસાર ઉપરથી
મન ઉદાસીન
થઈ જાય છે.

હે મન !
તું જ અજ્ઞાની છે...
તું જ જ્ઞાની છે...
સુખનો અભિલાષી તું... દુઃખનો દ્વેષી તું..
દુઃખોની ખાણ સ્વરૂપ નરકમાં લઈ જનાર
પણ તું જ છે...
સુખના સાગર સ્વરૂપ સિદ્ધશીલા પર
પહોંચાડનાર તું જ છે..
એટલે જ કહ્યું કે,
''મન સાધ્યું તેણે સઘળું સાધ્યું''
''એહ વાત નવી ખોટી''

# મુક્તિ કણિકાઓ

રાગ કેવો છે ?
એકેન્દ્રિયમાં પણ આપણો
પીછો છોડતો નથી...
બકુલ વૃક્ષ પાંચ ઈન્દ્રિયોના બધા વિષયોને ગ્રહણ
કરી શકે છે... અશોક વૃક્ષ ઉપર સ્ત્રી જ્યારે લાત મારે છે,
ત્યારે તે વિકસિત થાય છે.. કુરુબક વૃક્ષને
જ્યારે સ્ત્રી આલિંગન કરે છે,ત્યારે તે વિકસિત થાય છે.
તિલક વૃક્ષની સામે જ્યારે સ્ત્રી જુએ છે
ત્યારે તેમાં કળીઓ આવે છે...
આ રાગને જીતવાની સાધના તેજ
માનવીની સફળતા...

શરીર નામનો નોકર છે...
તે કર્મવિપાક રાજાનો દુષ્ટ સેવક છે...
તને કર્મરૂપી રસ્સીથી બાંધીને...
ઈન્દ્રિયરૂપી પાત્રથી... પ્રમાદરૂપી મદિરા
પીવડાવશે...
એવી રીતે તને નારકીના દુઃખ ભોગવવા યોગ્ય
બનાવી પોતે ત્યાંથી ચાલ્યો જશે..
તેથી હે જીવ !
તારા સ્વહિત નિમિત્ત, આ શરીરને
થોડું થોડું આપીને, એની પાસેથી
સંયમનો ભાર વહન કરાવ..

આ શરીર પાર્થિવ માટીના
પિંડરૂપ નાશવંત, દુર્ગંધી, અને વ્યાધિના
ઘર સમાન અનેક દોષોથી યુક્ત છે...
આવા શરીરથી પણ ઈન્દ્રિય દમન, સંયમ પાલન,
મોક્ષ પ્રાપ્તિ આદિ મોટાં મોટાં કાર્યો સંપન્ન
થઈ શકે છે... એટલે જ, આત્મહિત માટે...
ક્ષણવાર પણ પ્રમાદ કર્યા વગર
અપ્રમત્ત ભાવે જેટલો લાભ
લેવાય એટલો લઈ લેવો
જોઈએ.

જે શરીરના
સંબંધથી પવિત્ર વસ્તુ પણ
અપવિત્ર થઈ જાય છે...
જે કૃમિઓથી ભરેલું છે...
જે કાગડા અને કૂતરાઓને
ભક્ષક કરવા યોગ્ય છે.
જે થોડા સમયમાં રાખ થઈ જનાર છે...
જે એક માંસનો પિંડ છે...
એવા શરીરથી તું...
તું તારું હિત સાધી છે...

ભવોભવમાં
શરીરને મોક્ષનું સાધન
બનાવવાના બદલે... શસ્ત્ર બનાવીને
ચારગતિમાં ભટક્યાં છીએ...
હવે એને આવશ્યકતા અનુસાર ઉચિત,
સાત્ત્વિક ખોરાક આપીને
પુરેપુરો કામ લેવાનું છે...
યથાશક્તિ તપ-દાન-દયા-ક્ષમા અને
પરોપકાર આદિ દ્વારા સાધના કરીને
માનવદેહની પ્રાપ્તિને
સફળ બનાવવાનું છે...

જે નાશવંત શરીરથી
પરોપકાર, તપ-જપ રૂપી ફળ
પ્રાપ્ત થતું નથી...
એ શરીરવાળો પ્રાણી થોડા દિવસો માટે
ભાડાથી લીધેલા ઘર સમાન,માટીના
પિંડ પર... મોહ કરીને શું ફળ પામશે ?
આયુષ્ય પૂર્ણ થતાં જ...
શરીર છોડવું પડે છે... ત્યારે
મનુષ્યભવ અને શરીર બન્નેનો
નાશ થાય છે.

# કોટિ નિવાસ

જન્મ... જરા... મરણ...

કેટલા કર્યા?... ક્યાં ક્યાં કર્યા?

કોઇ હિસાબ નથી... કોઇ આંકડા નથી...

અનંત કાળથી ચાલ્યા આવતા સંસાર ચક્રમાં ચાર ગતિના ફેરા ફરતા જ રહ્યા... ફરતાજ રહ્યા...

પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય થયો... માનવ ભવ મળ્યો...

રાજા બનવાનું સદ્ભાગ્ય સાપડ્યું... નામ હતું ધર્મનંદન...

નામ પ્રમાણે જ ધર્મના પુત્ર હતા... જીવનમાં ધર્મ વણાયેલો હતો... રાજા હોવા છતાં સમય મળતાં નિયમિત ધર્મ આરાધના કરતાં.

નગરીમાં પૂ. મહાનંદસૂરિ મ.સા. પધાર્યા...

રાજા પણ પરિવાર સહ વંદન કરવા ગયા... આચાર્ય ભગવંતની દેશના ચાલુ હતી... રાજવી વંદન કરી યોગ્ય સ્થાને બેઠા... આચાર્ય ભગવંતે ગિરિરાજનો અદ્ભૂત મહિમા વર્ણવ્યો. ગિરિરાજનો મહિમા સાંભળી સકલ સંઘ ધન્ય બન્યો... રાજા પણ અતિ હર્ષિત થયા... રાજાએ સંઘસહિત યાત્રાનો સંકલ્પ કર્યો... સંઘનું શુભ મુહૂર્તે પ્રયાણ થયું... શાસન પ્રભાવના, દાન, ભક્તિ આદિ દ્વારા અઢળક પુણ્ય ઉપાર્જન કરતો સંઘ ગિરિરાજ ઉપર પહોંચ્યો... સહુએ ગિરિરાજ ભક્તિના અમૃતનું પાન કર્યું...

ગિરિરાજ અને એની ભક્તિમાં ભાવોમાં નિદ્રાધીન થયેલા રાજવી ધર્મનંદનને મધ્યરાત્રીએ દેવ સ્વપ્નમાં આવ્યા. દેવે રાજાને કહ્યું– ''હે રાજન્ ! આપની તીર્થભક્તિ અને પ્રભુભક્તિથી હું ખૂબ ખૂબ ખુશ થયો છું... પ્રસન્ન થયો છું...અમુક સ્થાને રસકુંપિકા છે... આ રસકુંપિકામાંથી ઇચ્છા પ્રમાણે રસ લેજો... આ રસથી શ્રેષ્ઠ સુવર્ણ બનશે...''

રાજા સ્વપ્ન જોઇને જગ્યા... ધર્મારાધના કરી... સવાર થતા દેવે બતાવેલા સ્થળને શોધીને રસકુંપિકા અને રસ મેળવ્યો... અઢળક શ્રેષ્ઠ સુવર્ણની પ્રાપ્તિ થઇ... આ સુવર્ણાદિકના એક કરોડ શ્રેષ્ઠ જિન પ્રતિમાઓ ઘડાવી. ભવ્યાતિભવ્ય મહોત્સવ પૂર્વક કરોડ જિનબિંબોની ગિરિરાજ ઉપર પ્રતિષ્ઠા કરી... આ કારણથી ગિરિરાજ કોટિનિવાસ નામે પ્રસિદ્ધ થયા.

પ્રાંતે ધર્મનંદન રાજવીએ દીક્ષા સ્વીકારી અને ગિરિરાજ ઉપર ઘણા સાધુઓ સાથે નિર્વાણ પદને પામ્યા...

# CHILDREN'S CORNER

## Three Aspects

There are three aspects of human life - (1) Dharma (2) Artha and (3) Kama. All the actions and activities of the life of house-holder are centred on these three Objectives. One must carry out eodeavours for the attainment of these three objectives in such a way that none of then is affeted or neglected.

Dharma is the name givin to such activities and endeavours of the mind, voice and body as can bring us punya (merit) and can destroy our sinful karmas.

Artha or wealth is that by which we can attain all our objectives. Artha means all movable or immovable proprty, wealth, splendour, money, lands, houses.

Generally, people think that kama means only sexual lust. But it is not so, kama implies the satisfaction of all the five indriyas. This satisfaction should not be an ordinary one. It should be a delightful and exhilarating satisfaction.

## Wealth

A man who is blinded by the desire of wealth can not think of his soul; can not think of great men and can not also think of Paramatma or Guru. Such people cannot sleep peace fully, they cannot eat their food peacefully. They sufferna heart attack or cerebral haemorrhage.

king Siddharaj !

He was blinded by his avarice

He was rulling orer Gujarat.

He had greeat desire to extend his kingdo,.

He always kept waging wars against other kings in order to conquer

their kingdom. He carried on the war for twelve years in order to conquer the kingdom of Junagadh. He wasted the most precious years of his life.

Once Siddharaj invaded Malva, Siddharaj's messangers went to meet king Madan Varma. king Madan never met messengers, so messengers met the chief minister of Malva. The chief minister conveyed the message of Siddharaj to king Madan Varma. madan Varma told to his minister - "Give that covetous king Siddharaj as much money as he wants and send him away."

Chif minister conveyed Madn Varma's message to Siddharaj's messangers. The messangers returned to Siddharaj and said- " your highness ! this is the reply send by king madan Varma " Give that covetous king Siddharaj the money he wants and send him away. If he gets money he will go away." Madan Varma does not meat messengers. He does not attend his court throughout the day and night. He remains in his palace immersed in the enjoyment of sensual pleasure's."

On hearing the words of the messengers, Siddharaj fell into deep tought fulness. "want type of king is he ? I will like to meet him."

Siddharaj met Madan Varma.Madan Varma received Siddharaj warmly. Siddharaj asked him, "why do you call me a covetous king ?"

Madan Varma smiled and said - " O ! you king of Gujart ! why do you wage all these wars? you want only wealth. Is it not true ? He who loves wealth and lives only to amass wealth is covetous, O king ! are there no queens in your harem ? Don't you have a family ? what is the use of your having all this wealth and splendour ? is it to spend all your life on battle. fields? According to me, the man who inspite of having enough means of happiness keeps fighting for more is not a sensible man."

Siddharaj felt that what Madan Varma said was right. He examined his inner self. He decided not to wage any more wars and returned to his capital. Later he came under the influence of Jain Acharya Hemachandra suri and gave importance to Dharma purushartha.

Dear Children ! If you are really worried about your future you must give importance to Dharma purusharth peace full happy life is impossible without religion.

## Find out the five names of Ganadhara ---

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| a | t | s | p | s | k | u | t | a | u |
| m | x | u | w | b | n | t | y | c | s |
| z | l | d | y | m | o | r | v | e | w |
| g | a | h | n | b | a | s | i | q | k |
| u | h | a | o | t | r | g | h | r | i |
| n | c | r | e | v | y | a | k | t | a |
| s | a | n | c | p | k | m | s | p | u |
| w | g | a | u | m | i | t | d | f | o |
| a | m | a | k | a | m | p | i | t | a |

**Answer -**

(1) Vyakta
(2) Metarya
(3) Sudharma
(4) Achal
(5) Akampit

## Copplete five name of Lord Mahavir's Shravk -

**Answer -**

| | | | | | |
|---|---|---|---|---|---|
| A | a | | a | | |

**Aanand**

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | m | | | v |

**Kamdev**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | a | | a | | | a | | a | |

**Mahashatak**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | r | | d | | |

**Suradev**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| k | | | | | k | | | | | k |

**Kundakaulik**

# જ્ઞાન સુધારસ પીજે...

પ્રશ્ન – ૧. કાયસ્થિતિ કોને કહેવાય ?

ઉ. એકની એક જાતિમાં વારંવાર જન્મ લેવો તે 'કાયસ્થિતિ' છે.

પ્રશ્ન – ૨. એક ભવમાં બીજા કેટલા ભવોના આયુષ્ય બંધાયા ?

ઉ૦ એક ભવમાં આગામી એક જ ભવનું આયુષ્ય બંધાય. બે ભવનું આયુષ્ય સાથે બંધાય નહિ.

પ્રશ્ન – ૩. બીજા ભવમાં જવા માટે આયુબંધ કેવી રીતે થાય છે ?

ઉ૦ આ ભવનું જેટલું આયુષ્ય છે તેના બે તૃતિયાંશ ભાગ વીત્યા પછી પહેલીવાર અંતર્મુહૂર્ત માટે બીજા ભવનું આયુષ્ય બંધ થાય એ પહેલીવાર આયુષ્ય બંધ ન પડ્યું તો બાકી રહેલા આયુષ્યના બે તૃતિયાંશ ભાવ વીત્યા પછી આયુષ્યબંધ પડે છે. જો બીજીવાર પણ આયુબંધ ન થાય તો ત્રીજીવાર બે તૃતીયાંશ ભાગ વીત્યા પછી આયુષ્યબંધ પડે એવી રીતે આઠવારમાં આયુષ્યનો બંધ પડી શકે છે... અને તે પણ ન પડે તો છેલ્લે ત્રણ ડચકા ભરે તેમાં બીજા ડચકે આયુષ્ય બંધ પડે છે.

પ્રશ્ન– ૪. આયુષ્યકર્મનો બંધ કેવી રીતે થાય છે ? તે સમજાવો.

ઉ૦ દા.ત. કોઈ મનુષ્યનું ૮૧ વર્ષનું આયુષ્ય હોય તો તેનો બે તૃતિયાંશ ભાગ એટલે ૫૪ વર્ષ પછી આયુષ્યનો બંધ પડે. જો ત્યારે ન પડ્યો તો બાકી રહ્યાં ૨૭ વર્ષ તેનો ૨/૩ ભાગ એટલે ૧૮ વર્ષ ૫૪ + ૧૮ =૭૨ વર્ષ પછી બીજીવાર આયુષ્યકર્મનો બંધ થાય. એવી રીતે ગણતરી કરતાં જાઓ તો ૭૮ વર્ષ પછી ત્રીજીવાર આયુબંધ થાય. ૮૦ વર્ષ પછી ચોથીવાર, ૮૦ વર્ષ ૮ માસ પછી પાંચમીવાર, ૮૦ વર્ષ ૧૦ માસ ૨૦ દિવસ પછી છઠ્ઠીવાર, ૮૦ વર્ષ ૧૧ માસ ૧૬ દિવસ, ૧૬ કલાક પછી સાતમીવાર, અને છેવટે ૮૦ વર્ષ ૧૧ માસ ૨૪ દિવસ ૧૪ કલાક પછી આઠમીવારમાં આયુષ્ય કર્મનો બંધ થાય છે.

પ્રશ્ન – ૫ આયુષ્ય ધોળના પરિણામે બંધાય એટલે શું ?

ઉ૦ ધોળના પરિણામ એટલે આત્માના ચઢતાં ઉતરતાં ભાવ.. ૧ થી ૭ ગુણસ્થાનકમાં આત્મા હોય અને તેના ભાવ સતત ચડતાં પણ ન હોય કે સતત પડતાં પણ ન હોય મધ્યસ્થ ભાવ હોય ત્યારે આયુષ્ય બંધાય છે. તેમાં પણ ત્રીજા ગુણસ્થાનકે પરભવનું આયુષ્ય બંધાતું નથી.

પ્રશ્ન – ૬ આત્માને નીકળવાના દ્વાર કેટલાં છે ?

ઉ૦ આત્માને નીકળવાના મુખ્ય પાંચ દ્વાર છે.

(૧) પગ (૨) જંઘા(સાથળ) (૩) હૃદય (૪) મસ્તક. (૫) સર્વ અંગો.

પ્રશ્ન – ૭. પગથી જીવ નીકળે તો કઇ ગતિમાં જાય?

ઉ૦ પગથી જીવ નીકળે તો નરકગતિમાં જાય.

પ્રશ્ન – ૮. સાથળમાંથી જીવ નીકળે તો કઇ ગતિમાં જાય?

ઉ૦ સાથળમાંથી જીવ નીકળે તો તિર્યંચગતિમાં જાય.

પ્રશ્ન – ૯. હૃદયમાંથી જીવ નીકળે તો કઇ ગતિમાં જાય?

ઉ૦ હૃદયમાંથી જીવ નીકળે તો મનુષ્યગતિમાં જાય.

પ્રશ્ન – ૧૦. મસ્તકમાંથી જીવ નીકળે તો કઇ ગતિમાં જાય?

ઉ૦ મસ્તકમાંથી જીવ નીકળે તો દેવગતિમાં જાય...

પ્રશ્ન – ૧૧. સર્વ અંગોમાંથી જીવ નીકળે તો કઇ ગતિમાં જાય?

ઉ૦ સર્વઅંગોમાંથી જીવ નીકળે તો સિદ્ધગતિ (મોક્ષ)ને પામે છે.

પ્રશ્ન – ૧૨ આયુષ્ય હવે ઓછું છે તે કેવી રીતે ખબર પડે?

ઉ૦ યાદશક્તિ ઓછી થઇ જાય છે, વારંવાર જે ચીજ કરતાં કોઇએ તે છૂટી જાય, ગમતિ વસ્તુઓ કે આરાધના પ્રત્યે અણગમો થાય તો જણાય કે હવે આયુષ્ય ઓછું બાકી હશે... (એકાંતે એવો નિયમ નથી.)

પ્રશ્ન – ૧૩ જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં પહોંચતા કેટલો સમય લાગે છે?

ઉ૦ એકથી પાંચ સમયની અંદર કોઇપણ જીવ એકગતિમાંથી બીજી ગતિમાં પહોંચી જાય છે. જે જીવને ફક્ત એક ઋજુગતિ હોય તે એક સમયમાં પહોંચી જાય છે. જે જીવને એક વક્રગતિ છે તે બે સમયમાં પહોંચી જાય છે, જે જીવને બે વક્રગતિ છે તે ત્રણ સમયમાં પહોંચી જાય છે, જે જીવને ત્રણ વક્રગતિ છે તે ચાર સમયમાં નિયત સ્થાને પહોંચી જાય છે.

પ્રશ્ન – ૧૪ લેશ્યા એટલે શું?

ઉ૦ 'વિશ' એટલે ચોટવું, લેશ્યા એટલે મનોવૃત્તિ. જેના વડે કર્મ આત્મા સાથે ચોંટે તે લેશ્યા કહેવાય, આત્માના એક પ્રકારના શુભ કે અશુભ પરિણામ તે લેશ્યા છે.

પ્રશ્ન – ૧૫ ઉત્પત્તિ અને મરણ સમયે જીવને કેવી લેશ્યા હોય?

ઉ૦ ઉત્પત્તિ સમયે જીવને આગલા ભવની લેશ્યા અંતમુર્હૂત સુધી હોય છે. મરણ સમયે અંતમુર્હૂત આયુષ્ય બાકી રહે ત્યારે આગામી ભવની લેશ્યા પરિણમે છે.

પ્રશ્ન – ૧૬. આયુષ્યના પ્રકાર કેટલા? અને કયા?

ઉ૦ આયુષ્યના બે પ્રકાર છે. (૧) નિરુપક્રમ (૨) સોપક્રમ

પ્રશ્ન – ૧૭. નિરૂપક્રમ આયુષ્ય કોને કહેવાય?

ઉ૦ ગાઢ આયુષ્યકર્મના દલિકોથી બંધાયેલો આયુષ્ય કર્મ તે નિરૂપક્રમ આયુષ્ય કહેવાય. તેને ગમે તેવા શસ્ત્ર લાગે તો પણ તેમાં કોઇ ફેરફાર થાય નહિ. બાંધેલું દ્રવ્ય અને કાળ

આયુષ્ય સંપૂર્ણપણે ભોગવવું જ પડે છે.

પ્રશ્ન – ૧૮. નિરૂપક્રમ આયુષ્ય કોને હોય?

ઉ૦ દેવ અને નારકીના જીવોને, ત્રેસઠ શલાકા પુરુષોને, યુગલિયાઓને અને ચરમશરીરી જીવોને નિરૂપક્રમ આયુષ્ય હોય છે.

પ્રશ્ન – ૧૯. સોપક્રમ આયુષ્ય કોને કહેવાય?

ઉ૦ (શસ્ત્ર) ઉપક્રમે કે આઘાત લાગવાથી જે આયુષ્ય તૂટે તે સોપક્રમ આયુષ્ય કહેવાય.

પ્રશ્ન –૨૦. કેટલા કારણોથી સોપક્રમ આયુષ્ય તુટે?

ઉ૦ સાત કારણોથી સોપક્રમ આયુષ્ય તુટે છે. (૧) અગ્નિ (૨) પાણી (૩) વિષ (૪) શસ્ત્ર (૫) અતિહર્ષ (૬) અતિશોક તથા (૭)ભય.

પ્રશ્ન – ૨૧. આપણને ક્યું આયુષ્ય છે?

ઉ૦. આપણને સોપક્રમ આયુષ્ય છે.

પ્રશ્ન –૨૨. જીવ અલ્પ આયુષ્ય કર્મ કેવી રીતે બાંધે છે?

ઉ૦ (૧) હિંસા વડે (૨) અસત્યવાણી વડે (૩) સાધુ સંતોને સચિત્ત તથા ન ખપે તેવું આપવા વડે. જીવ અલ્પ આયુષ્ય કર્મ બાંધે છે.

પ્રશ્ન – ૨૩. દ્રવ્ય આયુષ્ય એટલે શું?

ઉ૦. આત્મા ઉપર આયુષ્યની કાર્મણવર્ગણાના જેટલા પણ પુદ્‌ગલો ચોંટેલા છે તે દ્રવ્ય આયુષ્ય કહેવાય છે.

પ્રશ્ન – ૨૪. કાળ આયુષ્ય એટલે શું?

ઉ૦ આયુષ્યકર્મની કાર્મણવર્ગણાના સર્વ પુદ્‌ગલો આત્માંથી છૂટા પડતાં જે સમય લાગે તે કાળ આયુષ્ય કહેવાય છે.

પ્રશ્ન – ૨૫. દ્રવ્ય આયુષ્ય અને કાળ આયુષ્યમાં ફેરફાર થઇ શકે છે શું?

ઉ૦ દ્રવ્ય આયુષ્ય સર્વ જીવોને પુરેપુરું ભોગવવું જ પડે એમાં ફેરફાર ન થાય પરંતુ સોપક્રમ આયુષ્યાં ઉપક્રમ લાગતાં કાળ આયુષ્ય ઘટી શકે છે. નિરુપક્રમ આયુષ્યમાં, કાળ આયુષ્યમાં ફેરફાર થઇ શકતો નથી.

# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૭)

જૈન દર્શનના સામાન્ય જ્ઞાનથી આધારીત પ્રશ્નો બે વિભાગમાં **''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા''** અંતર્ગત મૂકવામાં આવ્યા છે. પ્રશ્નો બરાબર વાંચીને મોડામાં મોડા **૧૫ ઓક્ટોબર-૨૪** સુધી નીચેના સરનામે મોકલવાના રહેશે. પ્રથમ ત્રણ વિજેતાને **રૂા. ૫૦૦, રૂા. ૩૦૦** અને **રૂા. ૨૦૦** ના ઇનામો મોકલવામાં આવશે. તથા **બધા સ્પર્ધકોના નામ આગામી અંકમાં છાપવામાં આવશે.** નીચેના સરનામે સ્પર્ધાના જવાબો મોકલાવશો.

**'' ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા -(૧૨૭) ''**

shilpaajani1@gmail.com પર ઇ-મેઇલ કરો. **અથવા**

whatsapp Mo. 98211 13338

ઇ-મેઇલ થી મોકલાવેલ ઉત્તરપત્રો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવા હોવા જરૂરી છે. સ્કેન કરી પણ મોકલી શકાશે. આપનું નામ, સરનામું તથા કોન્ટેક્ટ નં. અવશ્ય લખશો...

## ''ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૭)''

**I નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો :-**

**૧. એક લોઢાનો ગોળો કોની પાસે પડ્યો અને એમનો વૈરાગ્ય ભાવ જાગી ઉઠ્યો.**
**૨. પ્રવચન સારોદ્ધારમાં કેટલા પ્રકારની સ્ત્રી દીક્ષા માટે અયોગ્ય બતાવી છે ?**
**૩. વાચના જે આપે અને જે લે છે તે બંને ને જ્ઞાનયોગના કારણે શું થાય છે ?**
**૪. મથુરા નગરીમાં બધા સાધુઓને એકત્ર કરી કોણે વાચના આપી હતી ?**
**૫. એક ભવમાં પુરુષની દશ દશા કહી છે તેમાંથી ભોગ-આનંદ મેળવવાની દશા તે કઇ દશા છે ?**
**૬. ધર્મની નિંદા કરવાવાળા, જિનાજ્ઞાના વિરાધક, તપ-સંયમની ચોરી કરવાવાળા જીવ ક્યા દેવ બને છે ?**
**૭. વૈમાનિક દેવલોકમાં દેરાસરોની લંબાઇ, પહોળાઇ, ઉંચાઇ કેટલી છે ?**
**૮. અઢીદ્વીપમાં આવેલા પાંચ મેરુ પર્વતના નામ જણાવો.**
**૯. રાવણ ક્યા ક્ષેત્રમાં તીર્થંકર થશે ?**
**૧૦. વજ્રસ્વામીએ ક્યા પર્વત પર અણસણ કર્યું ?**
**૧૧. મુકુંદ સન્યાસી મરીને શું બન્યો ?**
**૧૨. તાપસના વેશમાં કોણ કેવલજ્ઞાની બન્યા ?**

૧૩. સંયમી બન્યા પછી મરીને નવમાં ગ્રૈવેયક સુધી કયો જીવ જાય છે.
૧૪. અઠ્ઠાવીસ લાખને અડતાલીસ હજાર શિષ્યો કોના હતાં ?
૧૫. રાજસભામાં મલ્લવાદીની જેમ બીજા વાદીઓને ક્યાં પ્રભાવકે જીત્યા ?
૧૬. આવતી ચોવીશીમાં ચિત્રગુપ્ત નામના તીર્થંકર કોણ થશે ?
૧૭. સુભદ્રા કોના મામી હતા ?
૧૮. પ્રમાદનાં ક્યાં પ્રકારમાં નાશવંશ પદાર્થો પર આસક્તિભાવ આવે છે ?
૧૯. રામના વંશની ઉત્પત્તિ કયાં તીર્થંકરોના કાળમાં થઈ ?
૨૦. અજારા તીર્થમાં કેટલા વજનવાળો ઘંટ છે ?

II A I am 7 Letter city.

My 2nd + 3rd + 4th is a **bird.**

My 1st + 2nd + 7th + 4th letter is part of **face**

My 4th + 7th + 1st + 3rd letter is way of saying **good.**

My 6th + 1st letter is **cool**

# ઉત્તમ જ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૬)

(ગતાંકના સાચા જવાબ)

I (૧) અચલગચ્છાધિપતિ ઉદયસાગરસૂરિ (૨) એકવાર (૩) ૧૬ સ્વપ્ન (૪) ઈત્તર નિગોદી (૫) ચમરેન્દ્ર અને બલીન્દ્ર (૬) શ્રેણિક રાજા (૭) દીપક પૂજા (૮) ૫૫ લાખ વર્ષ (૯) ૧૦૦ ત્રિખૂણા (૧૦) સિંહ (૧૧) પેઢાલનામા (૧૨) નેમનાથ. (૧૩) ચંદ્રકાંતમણિ (૧૪) જશવંત ગાંધી (૧૫) ભીમ શ્રાવક (૧૬) ૨૧ (૧૭) ૫૩ (૧૮) ૨૪- મહાવીર ૨૪ માં તીર્થંકર થવાના છે માટે (૧૯) ૨૨૧ (૨૦) ચૌદપૂર્વ વિગેરે બધી પદવીઓ...

II (a) FRIEND. (**b**) ૨૧૦૦રૂા.

# ઉત્તમજ્ઞાનાનંદ સ્પર્ધા (૧૨૬)માં નીચેના ભાગ્યશાળીઓએ ભાગ લીધેલ

*(૧) શ્રીમતિ ચેતના ભરત દંડ - બુહરાનપુર*
*(૨) શ્રીમતી મધુરી કિશોર ડાઘા - કોઈમ્બતુર*
*(૩) શ્રીમતી જ્યોતિ શાહ - ગોરેગાંવ*
*(૪) શ્રીમતી ગીતા ડી. છેડા - મુલુન્ડ*
*(૫) શ્રીમતી નયના નરેન્દ્ર લાલકા - નવી મુંબઈ*
*(૬) શ્રીમતી મૃદુલા ડીનેશ દંડ - મુલુન્ડ*
*(૭) શ્રીમતી કાશ્મીરા કીશોર મોતા - રાયપુર*
*(૮) શ્રીમતી કૌશલ્યાવિજય મોમાયા - બીજાપુર*
*(૯) શ્રીમતી ઉર્મી ઉદય ધરમશી - યવતમાલ*

**પ્રથમ વિજેતા**

**શ્રીમતિ મૃદુલા ડીનેશ દંડ**

402, Manisha Elite,
P.K. Road,
Near Aditi Hospital,
Mulund (w)
Mumbai - 400 080.

**દ્વિતીય વિજેતા**

**શ્રીમતિ ઉર્મી ઉદય ધરમશી**

"Aasra" 2nd floor, Gandhi Nagar
Dhanamgaon road,
Yavatmal - 445 001
Maharashtra

**પ્રથમ વિજેતા**

**શ્રીમતિ જ્યોતિ શાહ**

4404/ D B WOODS / B TOWER,
Krishna Vaatika Marg,
Gokuldham, Goregaon (E)
Mumbai - 400 063.











